RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 68* Date: 03.01.2021 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

કોરોના વેક્સિન મુદ્દે કલાકોમાં જ કેન્દ્રીય આરોગ્ય મંત્રીનો યૂ-ટર્ન

પ્રથમ તબક્કે 3 કરોડ લોકોને જ ફ્રીમાં વેક્સિન અપાશે: હર્ષવર્ધન

૧ કરોડ સ્વાસ્થ્ય કર્મચારી અને ૨ કરોડ ફ્રંટલાઇન વર્કર્સને વિનામૂલ્યે અપાશે રસી, પ્રાથમિકતા યાદીમાં સામેલ ૨૭ કરોડ લોકોને વેક્સીન જુલાઇ સુધીમાં અપાશે

ન્યુ દિલ્હી,તા.૨

કોરોના વેક્સિનેશન અંગે કેન્દ્ર સરકાર તૈયારીઓમાં લાગી ગઈ છે. તાજેતરમાં વેક્સિન માટે ઘણાં રાજ્યોમાં ડ્રાય રન સફળ રહ્યો. કેન્દ્રીય સ્વાસ્થ્યમંત્રી ડો. હર્ષવર્ધને જીટીબી હોસ્પિટલ જઈને તૈયારીઓનો રિવ્યૂ કર્યો. તેમણે કહ્યું હતું કે અફવા પર ધ્યાન ન આપશો. સુરક્ષિત અને અસરકારક વેક્સિન અમારી પ્રાથમિકતા છે. પોલિયોના વેક્સિનેશન વખતે પણ ઘણી અફવાઓ ફેલાવાઈ હતી, પણ લોકોએ વેક્સિન લગાવડાવી અને આજે દેશ પોલિયોમુક્ત થઈ ચૂક્યો છે, સાથે જ સ્વાસ્થ્યમંત્રીએ કહ્યું- વેક્સિન દિલ્હીમાં જ નહીં, આખા દેશમાં ફ્રીમાં લગાડવામાં આવશે.પછી એક કલાક પછી તેમણે કહ્યું કે, પહેલા તબક્કામાં આ ૩ કરોડ લોકોને ફ્રીમાં મળશે. જેમાં ૧ કરોડ હેલ્થકેર વર્કર્સ અને ૨ કરોડ ફ્રન્ટલાઈન વર્કર્સ સામેલ થશે. બાકી પ્રાથમિકતા યાદીમાં સામેલ ૨૭ કરોડ લોકોને જુલાઇ સુધી કેવી રીતે વેક્સીન આપવામાં આવે તે અંગે નિર્ણય લેવામાં આવશે.

જોકે અહીં એક વાત મહત્વપૂર્ણ છે કે તમામ નાગરિકોને કોરોનાની વેક્સીન નહીં આપવામાં આવે. સરકાર પહેલા ઘણીવાર સ્પષ્ટ કરી ચૂકી છે કે તમામ ભારતીયોને વેક્સીનની જરૂર નછી. માત્ર એટલી જ વસ્તીને વેક્સીન આપવામાં આવશે, જેનાથી કોરોના પ્રત્યે હર્ડ ઈમ્યુનિટી વિકસિત થઈ જાય એટલે કે કોરોનાના સંક્રમણની ચેન તૂટી જાય. હવે સ્વાસ્થ્ય મંત્રીએ સ્પષ્ટ કરી દીધું છે કે જેમને પણ કોરોનાની વેક્સીન આપવામાં આવશે, તેમને એક પણ રૂપિયો ચૂકવવાનો નહીં રહે. વેક્સીન કોને અપાશે, તે સરકાર નક્કી કરી રહી છે. પહેલા ચરણમાં ૫૧ લાખ લોકોને વેક્સીનનો ડોઝ આપવામાં આવશે, જેમાં હેલ્થ વર્કર્સ, કોરોના વોરિયર અને ૫૦ વર્ષથી મોટી ઉંમરના લોકો અથવા અન્ય ગંભીર બીમારીથી પીડિત લોકો હશે.

સ્વાસ્થ્ય મંત્રીએ લોકોને અફવાઓ પર ધ્યાન ન આપવાની અપીલ કરી છે. આ પહેલા પ્રધાનમંત્રી મોદીએ પણ વેક્સીનને લઈને અફવાઓથી બચવાની ભલામણ કરી હતી. હર્ષવર્ધને કહ્યું, હું લોકોને અપીલ કરું છું કે અફવાઓ પર ધ્યાન ન આપે. વેક્સીનની સુરક્ષા અને તેની ઉપયોગિતા સુનિશ્ચિત કરવી અમારી પ્રથમ પ્રાથમિકતા છે.

કેન્દ્રિય સ્વાસ્થ્ય મંત્રી હર્ષવર્ધને શનિવારે દિલ્હીના ગુરુ તેગબહાદુર હોસ્પિટલમાં પહોંચીને કોરોના વેક્સીનના ડ્રાઈ રનનું નિરીક્ષણ કર્યું હતું. જણાવી દઈએ કે દેશના તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં કુલ ૧૧૬ જિલ્લામાં કોરોના વેક્સીનનું ડ્રાઈ રન કરવામાં આવ્યું હતું. આ માટે કુલ ૨૫૯ વેક્સીનેશન બૂથ બનાવવામાં હતા. હકીકતમાં ડ્રાઈ રનમાં કોઈ વેક્સીનનો ઉપયોગ કરવામાં નથી આવી રહ્યો પરંતુ માત્ર તેની તપાસ કરવામાં આવી રહી છે કે વેક્સીનેશન માટે બનાવવામાં આવેલી યોજના કેટલી ઉપયોગી છે. ભારતમાં કોરોનાની રસીની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી છે અને નિષ્ણાતોની પેનલે શુક્રવારે એક બેઠકમાં ઓક્સફર્ડ-એસ્ટ્રાજેનેકાની રસીને મંજૂરી આપી દીધી છે ત્યારે એઈમ્સના ડિરેક્ટર ડૉ. રણદીપ ગુલેરિયાએ જણાવ્યું હતું કે, રસીના પહેલા અને બીજા ડોઝ વચ્ચે ૨૮ દિવસનું અંતર સલામત છે. ડૉ. ગુલેરિયાએ જણાવ્યું હતું કે, નિષ્ણાતોની સમિતના અધ્યક્ષ તરીકે અમે પ્રાથમિક્તાના ધોરણે રસી આપવા માટે વિવિધ માપદંડો વિકસાવ્યા છે, જે મુજબ પ્રાથમિક્તાના ધોરણે કોરોના સામે લડવામાં સૌથી વધુ જોખમ હોય તેવા ડૉક્ટર્સ, નર્સ, પોલીસ સહિત ફ્રન્ટલાઈન વોરિયર્સને પહેલાં કોરોનાની રસી અપાશે. ભારતમાં છથી આઠ મહિનામાં ૩૦ કરોડથી વધુ લોકોને રસી આપવાની સરકારની યોજના છે. ફ્રન્ટલાઈન વોરિયર્સ ઉપરાંત ડાયાબિટીસ, અસાધ્ય બિમારી, શ્વાસોચ્છ્વાસની બીમારી ધરાવતા લોકોને પહેલાં રસી આપવામાં આવશે.

૧૩ જાન્યુ.એ દેશભરમાં કિસાન સંકલ્પ દિવસ ઊજવાશે

માગ નહીં સ્વીકારાય તો ખેડૂતો ૨૬ જાન્યુઆરીએ 'ટ્રેક્ટર પરેડ' કાઢશે

ન્યુ દિલ્હી,તા.૨

ત્રણે કૃષિ કાયદાઓને રદ કરાવવાની માગ સાથે સિંધુ બોર્ડર પર બેઠેલા ખેડૂતોનાં ધરણાં-પ્રદર્શન શનિવારે ૩૮મા દિવસે પ્રવેશ કર્યો છે. સિંધુની સાથે ટીકરી અને દિલ્હી-ગાઝીપુર બોર્ડર પર મોટી સંખ્યામાં ખેડૂતો ત્રણ કાયદાઓનો વિરોધ કરી રહ્યા છે. ખેડૂત આંદોલનનું સમન્વય કરી રહેલી સાત સભ્યોની સમન્વય સમિતિએ દિલ્હીમાં પત્રકાર પરિષદમાં કેન્દ્ર સરકારને અલ્ટિમેટમ આપ્યું હતું.

શનિવારે બપોરે દિલ્હી સ્થિત પત્રકારો વાતચીતમાં ખેડૂત સંગઠનોએ જાહેર કર્યું હતું કે છઠ્ઠી જાન્યુઆરીએ ટ્રેક્ટર માર્ચ કાઢવામાં આવશે. ૧૩ જાન્યુઆરીએ લોહડી-સંક્રાતિના અવસરે દેશભરમાં કિસાન સંકલ્પ દિવસ ઊજવવામાં આવશે અને ત્રણે કાયદાઓને સળગાવવામાં આવશે. એની સાથે ૧૫ જાન્યુઆરી સુધી ભાજપના નેતાઓનો ઘેરાવ કરવામાં આવશે. એ પછી ૨૩ જાન્યુઆરીએ સુભાષચંદ્ર બોઝના જન્મદિવસે રાજયપાલ ભવન સુધી માર્ચ કાઢવામાં આવશે. એ પછી ૨૬ જાન્યુઆરીએ દિલ્હીમાં ટ્રેક્ટર ખેડૂતોની પરેડ માર્ચ થશે. સંયુક્ત કિસાન મોર્ચાની આ પત્રકાર પરિષદમાં બીએસ રાજેવાલ, દર્શન પાલ, ગુરુનામ સિંહ, જગજિત સિંહ, શિવકુમાર શર્મા કક્કા અને યોગેન્દ્ર યાદવ સામેલ થયા હતા. તેમણે કહ્યું હતું કે જો ચોથી જાન્યુઆરીએ અમારી વાત ના માની તો આંદોલનને તેજ કરવામાં આવશે. ત્રણે કૃષિ કાયદાઓને પરત લેવાની જીદે ચઢેલા સિંધુ બોર્ડર પર પ્રદર્શન કરી રહેલા ખેડૂતોનાં ધરણાં શુક્રવારે પણ જારી રહ્યાં હતાં. ખેડૂતોમાં નવા વર્ષના આગમને ના તો ખેડૂતોમાં કોઈ ઉત્સાહ દેખાયો અને ના તો ધરણાં સ્થળે ભીડ નજરે પડતી હતી.

પુલવામામાં આતંકીઓનો સીઆરપીએફ જવાનો પર ગ્રેનેડ હુમલો

પુલવામા,તા.૨

જમ્મુ-કાશ્મીરના પુલવામામાં આતંકવાદીઓએ નિર્દોષ નાગરિકોને નિશાન બનાવ્યા છે. આતંકીઓએ પુલવામાના ત્રાલ બસ સ્ટેન્ડ તૈનાત સુરક્ષાબળો પર હેન્ડ ગ્રેનેડથી હુમલો કર્યો. આ ઘટનામાં ૭ નાગરિક ઘાયલ થઈ ગઈ છે. તેની સ્થાનિક હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

અવંતીપોરાના એસએસપી તાહિર સલીમે કહ્યું કે આતંકીઓએ સીઆરપીએફ પાર્ટી પર ગ્રેનેડથી હુમલો કર્યો. સીઆરપીએફની ટુકડી ત્રાલ બસ સ્ટેન્ડ પર તૈનાત હતી. જો કે આતંકીઓ નિશાન ચૂકી ગયા અને સુરક્ષાકર્મી માંડ માંડ બચી ગયા. પરંતુ આતંકીઓ દ્વારા ફેંકાયેલા ગ્રેનેડ રસ્તા પર ફાટી ગયા અને તેની ઝપટમાં ૭ નાગરિક આવી ગયા.

સુરક્ષાબળોએ તરત જ આખા વિસ્તારને ઘેરી લીધો છે અને આતંકીઓને દબોચવા માટે સર્ચ અભિયાન શરૂ કરી દીધું છે. પોલીસના મતે આતંકીઓએ મોકો જોઈ સુરક્ષાબળોને નિશાન બનાવાની કોશિષ કરી. જો કે તેઓ નિશાન ચૂકી ગયા. સુરક્ષાબળ જ્યાં સુધી આતંકીઓ પર જવાબી કાર્યવાહી કરે ત્યાં સુધીમાં તો તેઓ ભાગી ગયા.

આ બધાની વચ્ચે આતંકીઓ દ્વારા ફેંકવામાં આવેલા ગ્રેનેડ ફાટી ગયા. ઘટનાસ્થળની પાસે બસ સ્ટેન્ડ હોવાના લીધે ત્યાં કેટલાંય લોકો હાજર હતા. આ લોકો ગ્રેનેડની ઝપટમાં આવી ગયા. તેમને સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરાયા છે. પોલીસ અને સુરક્ષાબળવાળા વાહનોને ચકાસી રહ્યા છે. ઘટના બાદ પોલીસે બસ સ્ટેન્ડની નજીક સુરક્ષા વધારી દીધી છે. અહીં સુરક્ષાબળોને તૈનાત કરી દેવાયા છે.

વડાપ્રધાને સંબલપુરમાં આઈઆઈએમના કાયમી કેમ્પસનો શિલાન્યાસ કર્યો

ઈનોવેશન, ઈન્ટેગ્રિટી, ઈન્ક્લૂઝન આત્મનિર્ભર ભારતના નિર્માણમાં મદદરૂપ થશે: મોદી

આજનું સ્ટાર્ટઅપ, આવતીકાલનું મલ્ટીનેશનલ, ડિજિટલ કનેક્ટિવિટી ૨૧મી સદીના બિઝનેસમાં પરિવર્તન લાવવાની છે

ન્યુ દિલ્હી,તા.૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિડિયો-કોન્ફરન્સિંગ દ્વારા ઓડિશાના સંબલપુરમાં ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટના કાયમી કેમ્પસનો શિલાન્યાસ કર્યો હતો. મોદીએ જણાવ્યું હતું કે આઈઆઈએમનું નવું કેમ્પસ ઓડિશાને નવી ઓળખ આપશે. પાછલા દાયકાઓમાં દેશમાં ટ્રેન્ડ જોવા મળ્યો છે. બહારથી મલ્ટીનેશનલ કંપનીઓ મોટી સંખ્યામાં આવી અને આગળ વધી. આ સદીમાં નવા મલ્ટીનેશનલનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. વડાપ્રધાન મોદીએ સંબોધન કરતાં કહ્યું હતું કે ભારત માટે શ્રેષ્ઠ સમયગાળો આવ્યો છે. આજના સ્ટાર્ટઅપ જ આવતીકાલના ઉદ્યમી બનશે.

મોદીએ કહ્યું હતું કે ભારતના મલ્ટીનેશનલ દુનિયાભરમાં છવાઈ ગયા છે, સમય આવી ગયો છે. આજે ટિયર-૨, ટિયર -૩ શહેરોમાં સ્ટાર્ટઅપ્સ બની રહ્યા છે. આજના સ્ટાર્ટઅપ, આવતીકાલના મલ્ટીનેશનલ છે. આ માટે નવા મેનેજરોની જરૂર છે. આજે ખેતીથી માંડીને દરેક ક્ષેત્રે સુધારા કરવામાં આવી રહ્યા છે. બ્રાન્ડ ઈન્ડિયાને વૈશ્વિક ઓળખ બનાવવાની જવાબદારી આપણા બધાની, ખાસ કરીને યુવાનોની છે. જે લોકો સંબલપુર બાબતે વધુ જાણતા નથી, આઈઆઈએમ બન્યા બાદ આ એજ્યુકેશનનું હબ બની જશે. સૌથી અગત્યની બાબત એ રહેશે કે આ આખો વિસ્તાર વ્યવહારુ લેબ જેવો હશે. ઓડિશાના ગૌરવ હીરાકુડ ડેમ બહુ દૂર નથી. સંબલપુરી કાપડ વિશ્વભરમાં પણ પ્રખ્યાત છે. આ વિસ્તારમાં હસ્તકલાનો ઉપયોગ પણ થાય છે. આ ક્ષેત્ર ખનીજ અને ખાણકામની શક્તિ માટે પણ જાણીતો છે. દેશની આ કુદરતી સંપત્તિનું સંચાલન કેવી રીતે થવું જોઈએ, અહીંના લોકોનો વિકાસ કેવી રીતે થવો જોઈએ, તમારે પણ એને લઈને કામ કરવું પડશે.

૨૦૧૪ સુધી અમારી પાસે ૧૩ આઈઆઈએમ હતા, આજે ૨૦ છે. હવે દુનિયામાં તકો છે, તો પડકારો પણ નવા છે. ડિજિટલ કનેક્ટિવિટી ૨૧મી સદીના વ્યવસાયમાં પરિવર્તન લાવવાની છે. ભારતે પણ આ માટે સુધારા કર્યા છે. અમારો પ્રયાસ સમયની સાથે આગળ વધવાનો નથી, પરંતુ એનાથી પણ આગળ વધવાનો છે. આજે જેટલું હ્યુમન મેનેજમેન્ટ જરૂરી છે એટલું ટેક્નોલોજી મેનેજમેન્ટ પણ જરૂરી છે. કોરોના દરમિયાન દેશમાં માસ્ક, પી.પી.ઇ. કિટ, વેન્ટિલેટરનો કાયમી સોલ્યુશન નીકળ્યું.

હવે અમે ટૂંકા ગાળાના નહીં, પણ લાંબા ગાળાના ઉકેલો વિશે વિચારી રહ્યા છીએ. જે ગરીબ ક્યારેય બેંકના દરવાજે જતા ન હતા, તેવા ૪૦ કરોડ લોકોનાં ખાતાં ખોલવાનું સરળ નથી. મેનેજમેન્ટ એટલે મોટી કંપનીઓની નહીં, પણ લોકોની જરૂરિયાતો પૂરી કરવી. એલપીજી એક લકઝરી બની ગયું હતું. ગરીબોને આ માટે ચક્કર લગાવવા પડતાં હતાં.

દેશની નિકાસ ડિસેમ્બરમાં ૦.૮ ટકા ઘટી, વ્યાપાર ખાધ વધીને ૧૫.૭૧ અબજ ડોલર થઇ

ન્યુ દિલ્હી,તા.૨

દેશની નિકાસ ડિસેમ્બર ૨૦૨૦માં ૦.૮ ટકા ઘટીને ૨૬.૮૯ અબજ ડોલર રહી ગઇ છે, આ સતત ત્રીજો મહિનો છે, જ્યારે વિકાસમાં ઘટાડો નોંધાયો છે, પેટ્રોલિયમ પેદાશો, ચામડું, અને સામુદ્રિક ઉત્પાદન સેક્ટરનાં નબળા પ્રદર્શનથી નિકાસમાં ઘટાડો આવ્યો છે, વ્યાપાર મંત્રાલય દ્વારા શનિવારે જારી કરાયેલા શરૂઆતનાં આંકડા અનુસાર ડિસેમ્બરમાં આયાત ૭.૬ ટકા વધીને ૪૨.૬ અબજ ડોલર પર પહોંચી ગઇ, તેના કારણે વેપાર ખાધ વધીને ૧૫.૭૧ અબજ ડોલર થઇ ગઇ.

ડિસેમ્બર, ૨૦૧૯માં દેશની નિકાસ ૨૭.૧૧ અબજ ડોલર અને આયાત ૩૯.૫ અબજ ડોલર રહી હતી, નવેમ્બર ૨૦૨૦માં નિકાસમાં ૮.૭૪ ટકોનો ઘટાડો આવ્યો હતો, ચાલુ નાણાકિય વર્ષનાં એપ્રિલ-ડિસેમ્બર મહિનાનાં સમયગાળામાં દેશની ચીજોની નિકાસનો આંકડો ૨૩૮.૨૭ અબજ ડોલર રહ્યો હતો, ચાલું નાણાકિય વર્ષનાં પહેલા ૯ મહિનામાં આયાત ૨૦.૦૮ ટકાનાં ઘટાડા સાથે ૨૫૮.૨૯ અબજ ડોલર પર આવી ગઇ.

ચાલું નાણાકિય વર્ષનાં પહેલા ૯ મહિના એપ્રિલ-ડિસેમ્બરમાં ક્રુડ ઓઇલની આયાત ૪૪.૪૬ ટકા ઘટીને ૫૩.૭૧ અબજ ડોલર રહી છે, સમીક્ષા હેઠળના મહિનામાં, ખલીની નિકાસમાં ૧૯૨.૬૦ ટકા, આયર્ન ઓર દ્વારા ૬૯.૨૬ ટકા, કાર્પેટ દ્વારા ૨૧.૧૨ ટકા, ફાર્માસ્યુટિકલ્સની ૧૭.૪૪ ટકા, મસાલાની ૧૭.૦૬ ટકા, ઇલેક્ટ્રોનિક્સ ગુડ્સની ૧૬.૪૪ ટકા, ફળો અને શાકભાજીઓની ૧૨.૮૨ ટકા અને કેમિકલની ૧૦.૭૩ ટકાનો વધારો થયો છે. આ ઉપરાંત યાર્ન/ફેબ્રિક, હેન્ડલૂમ પ્રોડક્ટની નિકાસમાં ૧૦.૦૯ ટકાનો વધારો થયો છે.

તે જ પ્રકારે જો આયાતની વાત કરીએ તો ડિસેમ્બર ૨૦૨૦માં દાળની આયાતમાં ૨૪૫.૧૫ ટકાની વૃધ્ધી થઇ, સોનાની આયાત ૮૧.૮૨ ટકા, વનસ્પતિ તેલ ૪૩.૫૦ ટકા, કેમિકલ ૨૩.૩૦ ટકા, ઇલેક્ટ્રોનિક સામાન ૨૦.૯૦ ટકા, મશીન ટુલ્સની ૧૩.૪૬ ટકા, બહુમુલ્ય રત્નોની ૭.૮૧ ટકા તથા રાસાયણિક ખાતરની આયાત ૧.૪૨ વધી, સમીક્ષાધીન મહિનાઓમાં ચાંદી, અખબારનો કાગળ, પરિવહન ઉપકરણો, વગેરેમાં ઘટાડો આવ્યો.

ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૭૪૧

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૪૬૫૧૩

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૦૫

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૯૨૨

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૩૨૭૨૨

તંત્રી સ્થાનેથી...

ભાજપ રાજનેતાઓએ વિવિધ પ્રશ્ને મંથન કરવાની તાતી જરૂર....!?

નવું વર્ષ ૨૦૨૨ ના પ્રથમ દિવસેજ ભારતમાં કોરોના નાથવાની વેક્સિન કોવેક્સિનને મંજૂરી મળી ગઈ છે તેને લઈને સરકાર અને તંત્રમાં ખુશી વ્યાપી ગઈ છે તે સાથે કેન્દ્રના આરોગ્ય મંત્રીએ લોકોને મફત રસી આપવાની જાહેરાત કરી દીધી જ્યારે ગુજરાત સરકારના આરોગ્ય મંત્રીએ રાજ્યમાં ૩૦ હજાર લોકોને ૩૦૦ સેન્ટરો પરથી કોરોના રસી આપવાની જાહેરાત કરી.... ત્યારે રસી લીધા બાદ વિદેશમાં એક સાંસદના અને બે વ્યક્તિના મૃત્યુ થયાના સમાચારે લોકોમાં શંકા-કુશંકાઓ ફરી વળતા લોકોમા રસી લેવા બાબતે ડર ફરી વળ્યો હતો. જોકે ગુજરાતમાં રસી લીધા બાદ કોઈને પણ આડઅસર થઇ નથી જેને કારણે ગુજરાતના લોકોમાં વિશ્વાસ સાથે નવી આશાનું કિરણ જાગ્યું છે. દરમ્યાન યુકેથી" અમદાવાદ આવેલી ફ્લાઈટમાં ચાર લોકોને નવો કોરોના સ્ટ્રેન સંકમિત્ મળી આવતા તેઓને એસવીપી માં દાખલ કર્યા છે. આ સમાચાર વાયુ વેગે ફરી વળતા અમદાવાદીઓમાં ભારે ડર ફરી વળ્યો છે. દેશભરમાં યુકેથી આવેલા પૈકી ૨૯ વ્યક્તિઓ સંકમિત મળી આવતા તંત્ર સતત તકેદારી રાખી રહ્યુ છે. દરમિયાન ગુજરાતમાં સ્થાનિક ચૂંટણીઓ આવી રહી છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા એક પછી એક વિવિધ વિસ્તારોની યોજનાઓ અને વિકાસ કામોની જાહેરાતો કરવામાં આવી રહી છે, તો કેટલીક યોજનાના મુહુરત પણ કરી દીધા છે... પરંતુ લોકોમાં મોંઘવારી અને બેરોજગારી ને કારણે આક્રોશ વ્યાપી ગયેલો છે ત્યારે અમદાવાદ ખાડા નગરી બની ગઈ છે જેનાથી શહેરીજનો ભારે પરેશાન છે અને તેના પ્રત્યાઘાત આગામી ચૂંટણીમાં પડી શકે તેવી સ્થિતિ બની રહી છે. તો ભાજપ નેતાગીરીએ આમ પ્રજાથી દૂર રહેલા કોર્પોરેટરોને રિપીટ કરવાથી દૂર રહેવું પડશે નહીં તો તેના પરિણામ સારા નહી હોય તેવી શક્યતા વધુ છે.....!!

રાજકિય ક્ષેત્રે પણ એક પછી એક ઘટનાઓ એવી બની રહી છે કે લોકો પણ આશ્ચર્યચકિત થઈ જાય છે જેમાં કેંદ્રના મંત્રી રાજનાથસિહે આંદોલનકારી ખેડૂત નેતાઓને ગ્રામ્ય નકસલી અને ખાલિસ્તાન કહેનારા ભાજપ નેતાઓને આડે હાથ લીધા તેનાથી પ્રજા ખુશ થઇ છે. પરંતુ આંદોલનકારી ખેડૂતોની વાત નવા કૃષ કાનુન રદ કરવા સરકાર તૈયાર થતી નથી... અને સુઝાવ આપવાની જ વાત કરે છે જે તેઓએ અગાઉ રજૂ કરી દીધા છે. તો કૃષિ કાનુનથી ખેડૂતોને ફાયદો છે તેવી વાત વારંવાર રાજનેતાઓ બતાવ્યા કર્યો છે.... પરંતુ ખેડૂતોને ખરેખર ક્યા ક્યા અને કેવા ફાયદા થવાના છે તે બતાવતા નથી. તો એમએસપી માટે બાંહેધરી આપવાની વાત કરે છે પરંતુ કાયદામાં સમાવેશ કરવાની વાત કોઈ પણ નેતા કરતાં નથી. ખેડૂતો શાંતિથી આંદોલન કરી રહ્યા છે અને તે પણ હાડ થીજાવતી ઠંડીમાં કે જેમાં ૧૫ થી ૨૦ હજાર ખેડૂત મહિલાઓ પણ વિરોધ કરવા આંદોલનમાં જોડાઈ છે... ત્યારે લોકો હવે ખેડૂતોની માંગણીને સમર્થન આપી રહ્યા છે. બીજી તરફ ભાજપને બિહારમાં ફટકો પડે તેવી સ્થિતિ બની રહી છે. તો કર્ણાટક અને હરિયાણામાં સ્થાનિક સ્વરાજ સંસ્થાની ગ્રામ્ય ચૂંટણીઓમાં તો ઠીક પરંતુ શહેરી વિસ્તારોમાં પણ હારનો મોટો સામનો કરવો પડ્યો છે. તેના કારણે ભાજપના નેતાગણમા ચિંતા ફરી વળી છે. ત્યારે હવે ભાજપ રાજનેતાઓએ ખેડૂતોના પ્રશ્નો ઉકેલવા મંથન કરવું પડશે નહીં તો આગામી સમયમાં ચૂંટણીમાં ભારે પ્રત્યાઘાત પડવાની સંભાવના વધી પડી છે.....!

સદાબહારસૂર

અવિનાશવ્યાસ -૧



આવકારછે ૨૦૨૧ના નવાવર્ષનો..

આશા રાખીએકે આ નવું વર્ષ સૌના માટે સ્વસ્થતા, સુખાકારીનો સંદેશ લઈને આવ્યું હોય.

આમ તો આ ૨૦૨૦નું વર્ષ જાણે સ્થિરતા લઈને આવ્યું હોય એમ ઘણાં બધાના જીવન સ્થગિત થઈ ગયા. યાદ છે નાના હતાં ત્યારે સ્ટેચ્યૂની રમત રમતાં? એમ ઉપરવાળાએ દુનિયાના અત્યંત કામઢા લોકોને, વધારે પડતા દોડાદોડી કરતાં લોકોને સ્ટેચ્યૂ કહી દીધું. ઘણુંબધું સ્થગિત થઈ ગયું પણ મનથી જે સક્રિય હતાં એમણે એમની સક્રિયતાને સ્થગિત કરવાના બદલે વધુ વેગ આપ્યો. ચાર દીવાલોની વચ્ચે રહીને આ સ્થગિત સમયને જીવંત રાખ્યો.

અનેકલોકોનીજેમમારા માટે આ ૨૦૨૦નું વર્ષ સ્થગિતતામાં પણ સક્રિયતાસભર રહ્યું. સર્જનાત્મક રહ્યું. વ્યક્તિ જ્યારે ફુરસદ માંહોય ત્યારે એનેપસાર થઈ ગયેલી આલબમના પાનાઓ પર જડાયેલી ક્ષણો, જુનીયાદોનું સ્મરણ કરવું ગમે છે. એવીરીતે આ સ્થગિત થઈ ગયેલા સમયને સહેજ પાછું વળીને જોવાનું, વિશેષયાદોનુંસ્મરણકરવાનુંમનેગમ્યુંહતું.

આમ પણ મને સ્પર્શી ગયેલો સમય, સંબધ, સંજોગો અને સ્થળો વિશેમને વાત કરવી ગમી છે. ઘણા અલગ અલગ સ્થળોએ ફર્યા પછી એ મુલાકાતની અનુભૂતિ વિશે લખવાનું ગમ્યું છે અને મારા 'પ્રવાસવર્ણનો'માં એ આ લખ્યું પણ છે.

એવી રીતે આજ સુધીના જીવન માં અનેક વ્યક્તિઓને મળવાનું બન્યું ત્યારે અનેક એવી વ્યક્તિઓ છે જેમની મારા મન પર અમિટ યાદ અંકિત થયેલી છે. કોઈ એક વિષયની જેમ કોઈ વિશેષ વ્યક્તિ વિશે વાત કરવાની હોય ત્યારે મનમાં એવી અનેક વ્યક્તિઓની યાદ તાજી થઈ. કેટલાક અંગત સ્મરણો હોયતો કેટલા કસ્મરણો એવા હોય જે અંગત હોય પણ એના વિશેની વાતો સૌને સાંભળવી,જાણવી ગમે.

'બેઠક-શબ્દોનુંસર્જન'માં આ વર્ષે કોઈ એક વિષયના બદલે વ્યક્તિવિશેષ વાત કરવાની હતી. આપણે રહ્યા ગુજરાતી એટલે ગુજરાતને, ગુજરાતીપણાનેગૌરવવંતું કરનાર એક વ્યક્તિ જે હંમેશા આપણી સાથે જોડાયેલી રહી છે એ વ્યક્તિવિશેષ વિશે વાત કરવાની, રાજીપાને વ્યક્ત કરવાની આ તક હતી, અવસર હતોત્યારે મારા અને તમારા માનસપટ પર ચિરસ્થાયી અંકિત થયા છે એવા શ્રી અવિનાશ વ્યાસ વિશે વાત આલેખવાનુંવિચાર્યુ.

સુગમસંગીતનાભિષ્મપિતા તરીકે ઓળખાતા અવિનાશ વ્યાસ વિશેના આલેખન દરમ્યાન આ સુગમ સંગીત વિશે જાણવા પ્રયત્ન કર્યો. એમ કરવું ગમ્યું. થોડું સંગીતની નજીક જવાયું. ભલે સુગમસંગીત નામ છે પણ અવિનાશ વ્યાસની અનેક એવી રચનાઓ છે જેમાં ક્યાંક અગમ્ય, ગૂઢ ભાવો અને ભક્તિ વણાયા છે એયસમજાયાઅનેએટલે જ હવે જે વાત કરવી છે એ આવા જ તન-મનને તરંગિત કરી મુકે એવા ગીતો અને ગીતકારની છે. મારા-તમારા-સૌના મનમાં વસેલા અને ઘર ઘરને ગૂંજતુ કરનાર ગીતકારની છે. આપણા જીવનના દર એક શુભ મંગલ પ્રસંગને યાદ કરીએ તો મનમાં એક એક વાત સ્પષ્ટ હતી કે અહીં કલ્પનાથી વિશેષ મહત્વમાહિતીનું છે. આ સંદર્ભે અવિનાશ વ્યાસ વિશે, ગુજરાત અને ગુજરાતીઓનેગૌરવવંતા કરતાં એમના પ્રદાન વિશે જાણવા પ્રયાસ કર્યો. અવિનાશ વ્યાસ સાથેની મારી સ્મૃતિઓ, એમને મળેલી અનેક વ્યક્તિઓ પાસેથી જાણેલી વાતોની સાથે શક્ય હોય ત્યાંથી એમને ઓળખવા પ્રયત્ન કર્યો. એમના ગીત-સંગીત થકી એમની પ્રતિભા વિશે જ્યારે જે જાણ્યું એમાં મારી પોતાની અનુભૂતિનો, અહોભાવનો ઉમેરો થયો અને એમાંથી સર્જાઈ આ લેખમાળા. લેખ દરમ્યાન અવિનાશ વ્યાસના ગીતો, ગરબા કે ભજનો વિશે વાત કરતી ત્યારે અનાયાસે એમાં મારા ભાવ વણાઈ જતાં.

વર્ષોપહેલાંનોએ દિવસ મને આજે પણ બરાબર યાદ છે. છ વર્ષની ઉમર હતી અને પપ્પા અમને એ દિવસે રજૂ થયેલી ગુજરાતી ફિલ્મ " મેંદી રંગ લાગ્યો" જોવા લઈ ગયા હતા. ફિલ્મ જોવી એ મારા માટે એ સમયે ખાસ કોઈ મઝાની વાત હતી એવું ય નહોતું હા ! જરા નવી વાત જરૂર હતી પણ પછી તો એમાંય ખાસ કોઈ નવિનતા રહી નહી કારણકે પપ્પા એ સમયે પણ જાણીતા પત્રકાર, વિવેચક, સમીક્ષક, નાટ્ય લેખક અને ફિલ્મની સામાહિક પૂર્તિના સંપાદક હતા.

અમદાવાદ શહેરના અને મુંબઈના કંઈ કેટલાય લેખક, ગાયક, ગીતકાર, સંગીતકાર, કલાકાર, નાટ્યકાર સાથે ઘરોબો એટલે આ બધા કલાકારોને જોતા, ઓળખતા ઓળખતા જ હું મોટી થતી રહી.

ગુજરાતી ફિલ્મ " મહેંદી રંગ લાગ્યો"ના પ્રિમિયર શો પછીના બીજા જ દિવસની વાત છે. એ સમયના જાણીતા અભિનેતા રાજેન્દ્રકુમારનો મારા પપ્પા ઈન્ટર્વ્યુ લેવાના હતા. આ હિન્દીચલચિત્રના અભિનેતાએ ગુજરાતી ફિલ્મમાં કામ કર્યું હતું એટલે ગુજરાતી ફિલ્મમાં અભિનય દરમ્યાનના અનુભવ વિશે જ વાત હતી.

જો કે એ ૬ વર્ષની ઉમરે તો મને આ પ્રિમિયર શો કે ઈન્ટર્વ્યુની પણ ક્યાં ખાસ સમજ હતી અને એમની સાથેની વાતોમાં ય ખાસ તો એવું કંઈ કે મઝા પડે એવું કંઈ નહોતું. એ સમયે તો કોઈપણ અભિનેતા કે અભિનેત્રીને મળવું એ પણ મારા માટે ખાસ કોઈ રસપ્રદ વાત નહોતી. રસ હતો તો માત્ર એ જ કે એ ઈન્ટર્વ્યુ હતો અમદાવાદના કાંકરિયાનાબાલવાટિકામાંપ.. ઈન્ટર્વ્યુ તો ટેપ જ થવાનો હતોપણ સાથે જે ફોટા લેવાય એમાં બેક-ગ્રાઉન્ડ સુંદર હોય તો એ ફોટા પણ શોભીઉઠે એટલે એના માટે પસંદ કરવામાં આવ્યું એ સમયનું બાળવાટિકા અને એ બાળવાટિકાનોનકશીકામવાળો ઝૂલો.

એ ઉમરે બાલવાટિકા, એનું અરીસાઘર, બોટહાઉસ તો મારી પ્રિય જગ્યાઓ અને એનો પેલો નકશીકામવાળોહિંચકો, એ તો મને બહુ જ ગમતો જેની પર બેસી ઝૂલતાઝૂલતારાજેન્દ્રકુમારનોઈન્ટર્વ્યુ લેવાનો હતો. આપણા રામને પણ નકશીકામવાળાઝૂલા પર ઝૂલવામાં જ રસ હતો.

ઈન્ટર્વ્યુ સમયે રાજેન્દ્રકુમારની સાથે વાતોની વચ્ચે એ ગુજરાતી ફિલ્મના ગીતો પણ ટેપ રેકોર્ડર પર વાગતા હતા. બાકી બધું તો ભૂલાઈ ગયું પણ એ સમયે સાંભળેલો ગરબો જે બહુ ગમી ગયો જે આજ સુધી મારી યાદમાંજડાયેલો છેપ

"મહેંદી તે વાવી માળવે એનો રંગ ગયો ગુજરાત રે મહેંદી રંગ લાગ્યોપ."

આગલા દિવસે પરાણે જોયેલી ફિલ્મમાંથી પણ આ ગરબો જ મને બહુ ગમી ગયેલો જે ઈન્ટર્વ્યુ સમયે ફરી સાંભળવા મળતા હું તો રાજી રાજીકારણકે એ ગરબામાં માથે જાગ અને બેડા સાથે સાથે થયેલી એન્ટ્રી એ મારા માટે કંઈક નવું હતું. માથે આવો ભાર લઈને કેવી રીતે ગોળ ગરબે ઘૂમી શકાય એ સાચે જ મારા માટે કોયડો હતો અને પછી તો ત્રણ તાળી સાથેની રમઝટમાં મને ખુબ મઝા પડી ગઈ.

ઘણા બધા સમય પછી સમજાયું કે જે ગરબો ગમ્યો હતો એ તો લખ્યો હતો કોઈએ, ગાયો હતો કોઈએ અને એના તાલે ઘૂમ્યા હતા અન્ય કોઈ. એ દિવસે ઈન્ટર્વ્યુદરમ્યાનની વાતોમાં રાજેન્દ્રકુમાર સાથે ઉષા કિરણ, લતા મંગેશકર એવા બધા નામ સાથે એક બીજું નામ પણ અવારનવાર સાંભળવા મળતું એ ય યાદ રહી ગયું હતુ. એ નામ હતું અવિનાશ વ્યાસ અને એ નામ સમજણ આવ્યા પછી તો અવારનવાર મારા કાને પડવા માંડ્યુ.

વર્ષો વિતતા ગયા અને એક દિવસ શ્રીઅવિનાશ વ્યાસને મળવાની તક ઊભી થઈ. એક ધ્યાનસ્થ ઋષિની જેમ શાંતચિત્ત બેઠેલા શ્રીઅવિનાશવ્યાસને જોયા. એમને જોઈને એવી કલ્પના પણ ન આવે કે મને ખુબગમતા "તારી બાંકી રે પાઘલડીનુંફૂમતું રે મને ગમતું રે, આ તો કહું છું રે પાતળિયા તને અમથું રે' જેવી મસ્તીભર્યા ગીત કે ' હે હૂતુતુતુ' જેવું ચિંતનાત્મક અને તેમ છતાં ગુજરાતી ભાષાના સૌ પ્રથમ રેપસોંગની કક્ષામાં મુકાય એવા ગીતના એ રચયિતા હશે.

શ્રી અવિનાશ વ્યાસ એક નથી અનેક છે. એ ગીતકાર છે, એ સંગીતકાર છે. ગુજરાતી સંગીતને સુગમ બનાવવામાં, સામાન્યથી માંડીને સાક્ષર સુધીની કક્ષાએ લોકપ્રિય બનાવવામાં એમનું પ્રદાન અનન્ય છે. ઘર ઘરમાં વ્યાપેલા એમના ગીતો સદાબહાર છે. એમના નામની જેમ જે એમના ગીતો પણ અવિનાશી છે. એ અનેક નથી એ એક છે એ અવિનાશી અવિનાશ છે.

મને ,તમને સૌને ગમે એવા શ્રી અવિનાશ વ્યાસ વિશે ખુબ વાતો કરવી છેતોમળતાંરહીશુંજનફરીયાદના આ પેજપર.

Rajul Kaushik''
http://www.rajul54.wordpress.com

આવતીકાલ ૨૦૨૧ નવા વર્ષ ની દરકો ને ભેટ સમાન દર રવિવારે વિદેશી ધરતી ઉપર વતન ની યાદો ના લેખન માં અગ્રેસર એવા સાહિત્ય નું ઘરેણું સમાન મૃદુ સ્વભાવ વ્યક્તિત્વ એવા " રાજુલ કૌશિક " ની કલમે કંડારાયેલ " ગુજરાત નું ગીત સંગીત નું ઘરેણું " અવિનાશ વ્યાસ " વિષયક માહિતી દર્શક લેખ ૧૯૯૬ થી નિયમિત પ્રકાશિત જન ફરિયાદ દેશ વિદેશ.સામાહિક...તેમજ....૨૦૧૪ થી પ્રકાશિત.ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક ...અને...વેબ ન્યૂઝ પોર્ટલ www.janfariyadnews.com....માં પ્રસિદ્ધ થશે.

આતંકીઓને આર્થિક મદદ કરવાના આરોપસર પાકિસ્તાનના પંજાબમાં તેની અટકાયત

મુંબઈ ૨૬/૧૧ હુમલાના માસ્ટરમાઈન્ડ અને લશ્કરના કમાન્ડર લખવીની ધરપકડ

ઈસ્લામાબાદ,તા.૨

પાકિસ્તાને ફરી એકવાર મુંબઈ પર થયેલા ૨૬/૧૧ આતંકવાદી હુમલાના માસ્ટરમાઈન્ડ અને લશ્કર-એ-તોયબાના સર્વેસર્વા ઝકી-ઉર-રહેમાન લખવીને ટેરર ફંડિંગ મામલે અટકાયત કરવાનું માત્ર નાટક કર્યું છે. આતંકવાદીઓને આર્થિક મદદ કરવાના આરોપસર પાકિસ્તાનના પંજાબમાં તેની અટકાયત કરવામાં આવી છે. જોકે તેની ધરપકડને મુંબઈ હુમલા સાથે કોઈ જ લેવાદેવા નથી.

પાકિસ્તાનના પંજાબના આતંક વિરોધી વિભાગના પ્રવતાએ આ વાતની પુષ્ટિ કરતા કહ્યું છે કે, લખવીની લાહોરમાં ધરપકડ કરવામાં આવી હતી. તેના પર આરોપ છે કે, તે ડિસ્પેંસરીના નામે

મળી રહેલા ફંડનો ઉપયોગ આતંકવાદી ગતિવિધિઓ માટે કરતો હતો. લખવીને વર્ષ ૨૦૦૮માં મુંબઈમાં થયેલા આતંકવાદી હુમલા બાદ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે આંતરરાષ્ટ્રીય સ્તરે આતંકવાદી જાહેર કર્યો હતો.

ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ તરફથી બ્લેકલિસ્ટ થતા બચવા માટે પાકિસ્તાન આ પ્રકારની પેંતરાબાજી કરતું આવ્યું છે. આતંકવાદ વિરૂદ્ધ કાર્યવાહીના નામે ઈસ્લામાબાદ રહી રહીને આતંકવાદીઓ પર કાર્યવાહી કરતુ હોવાનો માત્ર દેખાડો કરતુ રહ્યું છે. આ અગાઉ નવેમ્બરમાં પાકિસ્તાનની સંઘીય તપાસ એજન્સીએ મોસ્ટ વોન્ટેડની નવી યાદીમાં મુંબઈ હુમલામાં શામેલ ૧૧ આતંકવાદીઓના નામ નોંધ્યા હતાં.

૨૬ નવેમ્બર ૨૦૦૮ના રોજ પાકિસ્તાની સેના અને ગુપ્તચર એજન્સીઓના જોરે લશ્કર-એ-તોયબાના આતંકવાદીઓએ મુંબઈમાં અનેક ઠેકાણે હુમલા કર્યા હતાં. આ આતંકી હુમલામાં અનેક વિદેશીઓ સહિત લગભગ ૧૫૫ લોકોના મોત નિપજ્યા હતાં. આ હુમલાનો માસ્ટરમાઈન્ડ ઝકીઉર રહેમાન લખવી હતો જેની પાકિસ્તાનમાં ધરપકડ બાદ જામીન પર છોડી મુકવામાં આવ્યો હતો.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનું મોટું નિવેદન

મકરસંક્રાતિના દિવસથી ઉ.પ્રદેશમાં વેક્સિન આપવાની પ્રક્રિયા શરૂ કરાશે

લખનૌ,તા.૨

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મહત્વની જાહેરત કરી છે. યોગી આદિત્યનાથના જણાવ્યા પ્રમાણે આ મહિને જ મકરસંક્રાંતિથી ઉત્તર પ્રદેશના લોકોને કોરોનાની વેક્સીન આપવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી શકે છે. આજે ગોરખપુર જીલ્લામાં એક કાર્યક્રમને સંબોધિત કરતા મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ જાહેરાત કરી હતી.

યોગી આદિત્યનાથે જાહેરાત કરતા કહ્યું હતું કે, અમેરિકા અને બ્રિટનની સ્થિતિ કોરોનાને લઈને ખુબ જ ખરાબ છે. જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ કોરોના વિરૂદ્ધની લડાઈ ભારતમાં ખુબ જ સફળ રહી. ભારતમાં ગઈ કાલે સીરમ ઈન્સ્ટિટ્યૂટની કોરોના વેક્સીનને ઈમરજન્સી ઉપયોગ માટે મંજુરી આપવામાં આવી છે. ત્યાર ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું છે કે, રાજ્યના ૬ કેન્દ્રો પર આજથી ડ્રાઈ રન શરૂ કરી દેવામાં આવ્યો છે. મકરસંક્રાતિથી પ્રદેશની જનતા માટે વેક્સીનેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી શકે છે. તેમણે કહ્યું હતું કે, કોરોનાના વેક્સીનેશન માટે પ્રદેશમાં જીલ્લા સ્તરની વ્યવસ્થાનું મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. તેવી જ રીતે વેક્સીન માટે જરૂરી એવી કોલ્ડ ચેન સિસ્ટમ તૈયાર કરવા માટેની પ્રક્રિયા પણ ઝડપી બનાવી દેવામાં આવી છે. ઉત્તર પ્રદેશમાં પણ ૨ જાન્યુઆરીથી વેક્સીનની ડ્રાઈ રન શરૂ કરી દેવામાં આવી છે. પ્રદેશના મુખ્ય સ્વાસ્થ્ય સચિવે જણાવ્યું હતું કે, રાજધાની લખનૌની સહારા હોસ્પિટલ, આરએમએલ હોસ્પિટલ, કેજીએમયૂ અને એસજીપીજીઆઈ સહિત છ જગ્યાએ કોરોનાનો ડ્રાઈ રન ચાલી રહ્યો છે.

દેશમાં ૯૯ લાખ કરતાં વધુ દર્દીઓ સાજા થઈ ગયા, દુનિયામાં સૌથી વધુ રિકવરી નોંધાઈ

ન્યુ દિલ્હી,તા.૨

દૈનિક ધોરણે નવા પોઝિટીવ નોંધાતા દર્દીઓની સરખામણીએ નવા સાજા થનારા દર્દીઓની વધુ સંખ્યાનું વલણ એકધારું જળવાઈ રહ્યું હોવાથી સક્રિય કેસની સંખ્યામાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. ભારતમાં કુલ સક્રિય કેસની સંખ્યા ઘટીને ૨.૫૦ લાખ થઈ ગઈ છે જે આજે ૨,૫૦,૧૮૩ નોંધાઈ હતી. ભારતમાં કુલ નોંધાયેલા પોઝિટીવ કેસમાંથી સક્રિય કેસનું ભારણ માત્ર ૨.૪૩% રહ્યું જે ૨.૫%ના મહત્વપૂર્ણ સ્તરથી નીચે છે.

ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોવિડના નવા ૧૯,૦૭૯ કેસ પોઝિટીવ હોવાની પુષ્ટિ થઈ હતી જ્યારે આટલા જ સમયગાળામાં નવા ૨૨,૯૨૬ દર્દીઓ સાજા થયા હોવાનું નોંધાયું છે. આ કારણે છેલ્લા ૨૪ કલાકમાં સક્રિય કેસના ભારતમાં ૪,૦૭૧ દર્દીનો ચોખ્ખો ઘટાડો નોંધાયો છે.

છેલ્લા ૭ દિવસમાં પ્રત્યેક દસ લાખની વસ્તીએ સૌથી ઓછા કેસ (૧૦૭) ધરાવતા દેશમાં ભારત છે. છેલ્લા ૭ દિવસમાં બ્રાઝિલ, રશિયા, ફ્રાન્સ, ઈટાલી, અમેરિકા અને યુકેમાં પ્રત્યેક દસ લાખની વસ્તીએ કેસની સંખ્યા ઘણી વધારે નોંધાઈ છે. ભારતમાં કુલ સાજા થઈ ગયેલા કેસની સંખ્યા લગભગ ૧ કરોડના આંકડા સુધી પહોંચી ગઈ છે. કુલ સાજા થયેલા કેસની સંખ્યા ૯૯ લાખનો આંકડો પાર કરી ગઈ (૯૯,૦૬,૩૮૭) છે.

દલિતોના મસીહા તરીકે બિરદાવાયા હતા

કોંગ્રેસના વરિષ્ઠ નેતા બુટા સિંઘનું ૮૬ વર્ષની ઉંમરે નિધન

ન્યુ દિલ્હી,તા.૨

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને દલિતોના મસીહા સરદાર બુટા સિંઘનું આજે શનિવારે બીજી જાન્યુઆરીએ સવારે અવસાન થયું હતું. આઠ વખત સાંસદ બનેલા બુટા સિંઘ ઇંદિરા ગાંધીના સમયમાં કેન્દ્ર સરકારના પ્રધાન પણ રહી ચૂક્યા હતા. બુટા સિંઘ ૮૬ વર્ષના હતા. સોશિયલ મીડિયા પોસ્ટમાં વડાપ્રધાને લખ્યું હતું કે બૂટા સિંહજી એક અનુભવી પ્રશાસક હતા. ગરીબોના કલ્યાણ માટે તેમણે મજબૂતાઈથી અવાજ ઉઠાવ્યો હતો. તેમના નિધનથી દુ:ખી છું. તેમના પરિવાર અને સમર્થકો સાથે મારી સંવેદનાઓ છે.

૧૯૩૪માં જન્મેલા બુટા સિંઘના અવસાન પર કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ શોક વ્યક્ત કર્યો હતો. છેલ્લા ઘણા સમયથી બુટા સિંઘ નિવૃત્ત જીવન ગાળતા હતા. પંડિત જવાહર લાલ નહેરુ અને ઇંદિરા ગાંધીના વિશ્વાસુ નેતા ગણાતા બુટા સિંઘે કેન્દ્રમાં ગૃહ પ્રધાન, ખેતીવાડી પ્રધાન, રેલવે પ્રધાન, રમતગમત પ્રધાન અને બીજા કેટલાંક ખાતાં સંભાળ્યા હતા. દતુપરાંત બુટા સિંઘ બિહારના ગવર્નર તરીકે પણ કામ કરી ચૂક્યા હતા. રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ પંચના અધ્યક્ષ તરીકે તેમણે સરસ કામ કરીને દલિતોના મસીહાનું બિરુદ મેળવ્યું હતું.

૧૯૭૫ના જૂનમાં ઇંદિરા ગાંધીએ લાદેલી કટોકટી પછી ૧૯૭૭માં થયેલી ચૂંટણીમાં કોંગ્રેસના પરાજય પછી પક્ષના બે ટુકડા થઇ ગયા હતા ત્યારે બુટા સિંઘે ઇંદિરા ગાધીને સાથ આપ્યો હતો. પક્ષના મહા મંત્રી તરકી સતત પરિશ્રમ કરીને એમણે પક્ષને ૧૯૮૦માં ફરી વિજય મળે એવી પરિસ્થિતિ સર્જવામાં માતબર પ્રદાન કર્યું હતું. જો કે ઇંદિરા ગાંધીની હત્યા પછીના વરસોમાં ધીમે ધીમે બુટા સિંઘે સક્રિય રાજકારણમાં રસ ગુમાવ્યો હતો અને છેલ્લાં થોડાં વરસોથી એ નિવૃત્ત જીવન ગાળતા હતા.

ફોર્બ્સની ટોપ-૧૦ ધનિકની યાદીમાં અંબાણી ફરી ૯મા ક્રમે પહોંચ્યા

ચીનના સૌથી ધનિક વ્યક્તિને પછાડી મુકેશ અંબાણી એશિયાના સૌથી ધનિક વ્યક્તિ બન્યા

મુંબઈ,તા.૨

થોડા સમય પહેલા જ સમાચાર આવ્યા હતા કે મુકેશ અંબાણી હવે એશિયાના સૌથી ધનિક વ્યક્તિ નથી, તેમને ચીનના ઝોંગ શાનશાને પાછળ ધકેલી દીધા છે.જો કે ફરી એકવાર મુકેશ અંબાણી એશિયાના સૌથી ધનિક વ્યક્તિ બની ગયા છે. રીઅલ-ટાઈમ બિલિનર્સની યાદી મુજબ, મુકેશ અંબાણીએ ફરી એકવાર એશિયાના સૌથી ધનિક વ્યક્તિનો ખિતાબ જીત્યો છે.

ફોર્બ્સની દુનિયાના ટોપ -૧૦ ધનિકની યાદીમાંથી બહાર રહેલા મુકેશ અંબાણી ફરી ૯મા ક્રમે પહોંચ્યા છે. જ્યારે ચીનના ઝોંગ શાનશાન ૧૪માં સ્થાને આવી ગયા છે. ફોર્બ્સ રીઅલ-ટાઈમ અબજોપતિ રેકિંગ દૈનિક જાહેર હોલિંગ્સના વધઘટ વિશેની માહિતી પ્રદાન કરે છે. વિશ્વના વિવિધ ભાગોમાં શેર સૂચકાંક ખોલ્યા પછી દર ૫ મિનિટમાં આ અનુક્રમણિકા અપડેટ કરવામાં આવે છે. બીજી બાજુ, જે લોકોની સંપત્તિ ખાનગી કંપની સાથે સંકળાયેલ છે, તેમની દિવસમાં એકવાર નેટવર્થ અપડેટ થાય છે.

બ્લૂમબર્ગ બિલિઅનર્સ ઈન્ડેક્સ અનુસાર ૨૦૨૦માં ઝોંગ શાનશાનની સંપત્તિમાં ૭ અબજ ડોલરનો વધારો થયો છે. બ્લૂમબર્ગ અબજોપતિ સૂચકાંક

અનુસાર વધુ નોંગફુ નોનગફુ અને વેન્ટાઈ જેવી કંપનીના માલિક ઝોંગ શાનશાન ૭૭.૮ અરબ ડૉલરની સંપત્તિ સાથે એશિયાના ધનાઢ્યની યાદીમાં પ્રથમ ક્રમે પહોંચ્યા હતા.

મુકેશ અંબાણી ૭૬.૬ અબજ ડોલરની સંપત્તિ સાથે બીજા સ્થાને આવી ગયા હતા. ચીનની બહાર ભાગ્યે જ કોઈ ૬૬ વર્ષીય ઝોંગ શાનશાને જાણે છે. તેણે એપ્રિલમાં રસી બનાવતી કંપની બેઈજિંગ વોંટે બાયોલોજિકલ ફાર્મસી એન્ટરપ્રાઈઝની Beijing Wantai Biological Pharmacy Enterprise Co. રચના કરી. થોડા મહિના પછી તેની કંપની Nongfu Spring Co. હોંગકોંગમાં શાનગાર લિસ્ટેડ કંપની છે જે બોટલમાં ભરેલા પાણીનું ઉત્પાદન કરે છે.

લિસ્ટેડ થયા પછી શરૂઆતથી, કંપનીનો શેર ૧૫૫ ટકા વધી ગયો હતો. આ જ રીતે ઉક્રહંઠ્ઠેના શેર ૨૦૦૦ ટકાથી વધુ વધ્યો છે. જે ઇતિહાસમાં સૌથી ઝડપી સંપત્તિ કમાનારાઓની યાદીમાં મોખરે છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક.સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મેમ્બરો ની વિરહ,વેદના,ચાહના વિષય અંતર્ગત માઇક્રો ફિક્શન,ટૂંકી વાર્તા,ગદ્ય રચનાઓ...

www.janfariyadnews.com

NOG SS NO. 055

વિભાગ : ગદ્ય

શીર્ષક:વેદના

પ્રકાર : માઇક્રો ફિક્શન

તે દર્દના લીધે કણસી રહ્યો હતો...તેને અંગેઅંગ માં વીંછીના ડંખ માર્યો હોય તેવી વેદના થતી હતી...જીવ હવે નીકળવાની તૈયારીમાં હતો તે હવે સમજી ચૂક્યો હતો પણ ઉંહકારો કરવામાં પણ તેને નાનપ લાગતી હતી...આજુબાજુના દ્રશ્યો હવે ધૂંધળા થવા માંડ્યા હતા ....નજર સામે ફક્ત એક જ દ્રશ્ય હતું.... તેની ચાહત....જેને નસ નસમાં તેના માટે ચાહના હતી તે....

સ્વતંત્ર આકાશમાં ઉન્નત લહેરાતો તિરંગો.... એક જોરથી શ્વાસ ભર્યો અને પોતાની તમામ તાકાત લગાવી તે બુલંદ અવાજે પોકારી ઉઠ્યો..." વંદે માતરમ્..."

દુશ્મનની આખરી છાવણી પર બોમ્બ ફેંકી તે અનંત તરફ પ્રયાણ કરી ગયો..તેની વેદના હવે શાંત થઈ અને તેની ચાહત અમર.....

શ્રદ્ધા ભટ્ટ,વાપી....

NOG SS No-0062

ન્યૂઝ ઓફ ગાંધીનગર

વિભાગ:- ગદ્ય

શિર્ષક:- છેલ્લી વિદાય

પ્રકાર:-માઈક્રોફિક્શન

અમારી ગલીના વથાણમાં શિયાળાની ગુલાબી ઠંડીને માણવાની ચાહનામાં અમે મેળાવો જમાવી બેઠા હતા. ત્યાં યોગુભા બધાને હાથ આપી? જય શ્રી કૃષ્ણા કર્યા....અને કિધું

આજે સૌને જય શ્રી કૃષ્ણા કાલે સવારે ઉઠીએ કે નહીં, તો આજે મારા બધાંને છેલ્લા રામ રામ એવું બોલી યોગુભા ભાઈ બંધુઓ ની પાસે થી રજા લીધી. બીજી સવારે તો રવીભા યોગુભા નું સ્ટેટસ જ જોતાં રહી ગયા.

સંઘાર વર્ષાબેન દેવજીભાઈ ગાલા'પલક' ગામ બિદડા તાલુકો માંડવી જિલ્લો કચ્છ

NOG SS No. :: 0017

ગદ્ય વિભાગ

વિરહ ,વેદના શબ્દ પરથી વાર્તા

પ્રકાર :: ટુંકી વાર્તા

શીર્ષક :: પ્રેમનો સાક્ષાત્કાર

"એય સોનલ... આમ મૂંઝાઈ 'ને શું બેઠી છે? હું મંદિરે જઉં છું. મારી સાથે ચાલ." ઓસરીની કોરે અડગ ઉભા સ્તંભને ટેકે ઉંડા વિચારમાં ખોવાઈને બેઠેલી સોનલને હળવે રહીને એના ફોઈબાએ બોલાવી.

"હં.... હા.... ચાલો હમણાં આવી." કહીને સોનલ અંદરના ઓરડામાં ગઈ. થોડીવારમાં સોનલ બહાર આવી એટલે બંને સાથે ચાલતા થયા.

"સોનલ, તું એને પ્રેમ જ કરતી હતી ને?" ક્યારના મૂંગા મૂંગા જ ચાલતા બંને વચ્ચેના મૌનને તોડતા ફોઈએ સોનલને સવાલ કર્યો. ફોઈનો આવો સવાલ સાંભળીને હેબતાઈ ગયેલી સોનલ એના ફોઈ સામું આભીબનીને જોઈ રહી.

મંદીર નજીક આવી જતા સોનલનો હાથ પકડીને એક બાકડા પર બેસાડી, એના ફોઈ સોનલનો ચહેરો વાંચવા મથી રહ્યા. ફોઈએ સોનલને સવાલ પૂછ્યા. સોનલ મૂક બનીને શ્રાવણ ભાદરવો વરસાવતી આંખોથી જ જવાબ આપતી રહી.

"પ્રેમમાં વિરહ હોય, વેદનાને સ્થાન ના હોય, દીકરા. તારો પ્રેમ એક તરફી હતો. એને તારા પ્રત્યે કોઈ જ લાગણી નહીં હોય એટલે જ આમ તને છોડીને જાય. પ્રેમ તેં આત્માથી કર્યો 'તો, તારા દેહને કસોટી શું કામ? શું રાધાને એના કૃષ્ણ સદેહે મળ્યા ખરા? તો શું કૃષ્ણ રુક્મિણી સાથે રાધાની જેમ જોડાઈ શક્યા ખરા? પ્રેમ અમર છે જે તમારા દિલના એક ખુણામાં જ રહેશે. પ્રેમ ક્યારેય મરી ન શકે. જે કોઈને ન પામીને જીવતા જ મરી જાય એને પ્રેમ ન જ કહી શકાય." સોનલના ફોઈએ સોનલને પ્રેમનો પાઠ ભણાવ્યો અને સોનલે હૃદયમાં ઉતાર્યો.

રાધા કૃષ્ણના મંદિરમાં બંને નતમસ્તક થઈને એના પ્રેમનો સાક્ષાત્કાર કરી રહ્યા.

- તેજલ વઘાસીયા (ઉમરાળી, જૂનાગઢ)

NOG SS No /0064

વિષય : વિરહ

શીર્ષક : દ્રઢ મનોબળ

ઉદરમાં પાંગરતા પ્રણય સાથે આશિકાએ જીવનનાં પાનાં ઉથલાવવા ચાલું કર્યા. સ્વપ્નનગરી જેવો તેનો રૂડો સંસાર આંખો સામે તરવરી ગયો. સોનેરી સ્વપ્ન આશિકાની આંખોમાં ભરી અનુરાગ દેશ પ્રત્યેની ફરજ નિભાવવા નીકળી પડ્યો. આશિકા રોજ એક નવાં સ્વપ્ન સાથે રાચતી અનુરાગની પ્રતીક્ષા કરે.

એકાએક સ્ટેજ પર શૌર્યચક્ર માટે શહીદ અનુરાગના નામની જાહેરાત થતાં આશિકાનાં જીવનનાં બચેલાં પાનાં પર સજાવેલ સ્વપ્નો અશ્રુધારા સાથે વહી ગયાં. સુકાયેલી શાહી સાથે આશિકાનાં અંતરમાં વિરહની વેદના અસહ્ય બની પણ, શૌર્યચક્ર હાથમાં લેતાં પેટ પર હાથ ફેરવતાં તેણે દ્રઢ મનોબળ સાથે નવું સ્વપ્ન આલેખવું શરું કર્યું.

નેહા બગથરીયા

ભેરુંડા બાયપાસ ચોકડી પર કાર ડિવાઈડર સાથે અથડાઈ ફૂટબોલની જેમ ઉછળી નેત્રમ કેમેરાના પોલ સાથે ભટકાઈ

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં વાહનચાલકો ટ્રાફીકના નિયમનો ઉલાળીયો કરી બેફામ ગતિએ વાહન હંકારતા હોવાથી સતત અકસ્માતની ઘટનાઓ સર્જાઈ રહી છે ત્યારે મોડાસા-રાણાસૈયદ બાયપાસ પર ભેરુંડા ચોકડી પર વિચિત્ર અકસ્માતની ઘટના બની હતી આઈ-૨૦ કાર ડિવાઈડર સાથે ભટકાયા બાદ ફૂટબોલની જેમ હવામાં ફંગોળાઈ નેત્રમ કેમેરાના વીજપોલ સાથે અથડાઈ નીચે પટકાઈ હતી સદનસીબે કાર ચાલકનો આબાદ બચાવ થતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો વીચીત્ર અકસ્માતની ઘટનાના પગલે પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી કાર પોલ સાથે અથડાતા સમગ્ર વિસ્તારમાં એક કલાક સુધી વીજપુરવઠો ખોરવાયો હતો

મોડાસા બાયપાસ રોડ પર ભેરુંડા ચોકડી પર બુધવારે સવારે પુરપાટ ઝડપે પસાર થતી આઈ-૨૦ કાર ડિવાઈડર સાથે અથડાયા બાદ હવામાં ફંગોળાઈ નજીકમાં રહેલા નેત્રમનાં વીજપોલ સાથે ધડાકાભેર અથડાઈ નીચે પટકાતા આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત કાર ચાલકને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડી દીધો હતો નેત્રમ કેમેરાના ભારીભરખમ પોલને નુકશાન પહોંચ્યું હતું વીચીત્ર અકસ્માતની ઘટનાના પગલે વીજપુરવઠો ખોરવાતા યુજીવીસીએલના કર્મચારીઓ દોડી આવી જરૂરી સમારકામ હાથધરી વીજપુરવઠો પુર્વરત કરાયો હતો

રાજકોટમાં રામેશ્વર શરાફી સહકારી મંડળીનું કૌભાંડ, ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કર્યું હોવાની આશંકા

રાજકોટ,તા.૨

રામેશ્વર શરાફી સહકારી મંડળીના સંચાલકોએ ૪૨૦૦ થાપણદારો-રોકાણકારોની ૬૦ કરોડની મૂડી હજમ કરી જઇ છેતરપિંડી આચર્યાની ફરિયાદ નોંધાતા પોલીસે મંડળીના ચેરમેન, વાઇસ ચેરમેન અને મેનેજરને ઉઠાવી લીધા હતા. પોલીસે હાલ ત્રણેયની પૂછપરછ શરૂ કરી છે. આરોપીઓએ ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કર્યું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. પોલીસ તપાસમાં અત્યારે સત્તાવાર ૧૦૩ લોકોના નામ સામે આવ્યાં છે. આરોપીઓએ જમીનમાં પૈસા રોક્યા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ સાથે જ કરન્સી ટ્રાન્સફર કરી છે કે કેમ તે દિશામાં પોલીસ તપાસ કરી રહી છે. કોઠારિયા રોડ પરના દેવપરામાં રહેતા અને મેડિકલ સ્ટોરના સંચાલક સંજયભાઇ જયંતીભાઇ સોજીત્રાએ ગુરૂવારે ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી જેમાં આરોપી તરીકે કાંતા વિકાસગૃહ રોડ પર શ્રીમદ ભવનમાં આવેલી રામેશ્વર શરાફી સહકારી મંડળીના ચેરમેન સંજય હંસરાજ દુધાગરા, વાઇસ ચેરમેન ગોપાલ રૈયાણી અને મેનેજર વિપુલ રતિ વસોયાના નામ આપ્યા હતા. સંજયભાઇ સોજીત્રાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે,તેમણે તેમજ તેમના પરિવારના સભ્યોએ રામેશ્વર શરાફી સહકારી મંડળીમાં રોકાણ કર્યું હતું અને પાકતી મુદતે પણ રકમ ઉપાડવાને બદલે વધુ રકમ સાથે રોકાણ કર્યું હતું પરંતુ ૨૦૨૦માં પાકતી મુદતે રકમ ઉપાડવા ગયા ત્યારે મંડળીના ચેરમેન સંજય દુધાગરાએ રકમ આપવામાં ગલ્લાતલ્લા કર્યા હતા અને બાદમાં મંડળીને તાળા મારી રવાના થઇ ગયા હતા. શરાફી મંડળીના સંચાલકોએ મંડળીના ૪૨૦૦ રોકાણકારોની ૬૦ કરોડની મૂડી હજમ કરી જઇ છેતરપિંડી આચરી હતી.

સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં ૨૧ નવા અદ્યતન ઓપરેશન થિયેટરનું લોકાર્પણ

અમદાવાદ,તા.૨

અમદાવાદ સિવિલ હોસ્પિટલના ૨૧ ટ્રોમાં સેન્ટરનું નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ નવનિર્મિત અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ ૨૧ ઓપરેશન થીયેટર સમ્રગ દેશભરમાંથી આવતા દર્દીઓની જનસુખાકારીમાં વધારો કરશે. નાયબ મુખ્યમંત્રીએ કહ્યુ કે, જ્યારે જ્યારે પણ માનવતાનો સાદ પડ્યો છે ત્યારે અમદાવાદ સિવિલ હોસ્પિટલે ફક્ત ગુજરાત રાજ્ય જ નહીં પરંતુ સમગ્ર ભારતભરમાંથી આવતા દર્દીઓની સેવા કરી છે. ગુજરાતની વર્તમાન સંવેદનશીલ સરકારે પણ અમદાવાદ સિવિલ હોસ્પિટલ સહિત રાજ્યના આરોગ્ય ક્ષેત્રને વધુ સઘન અને આધુનિક બનાવવામાં કોઇ કચાશ રાખી નથી.

જ્યારે જ્યારે આક્સિમક આપદા સમયની જરૂરિયાત હોય કે સામાન્ય જરૂરિયાત રાજ્ય સરકારે તમામ જરૂરિયાતોને રાજ્યની તમામ હોસ્પિટલને સંતોષી છે તેમ નાયબ મુખ્યમંત્રીએ કહ્યુ હતુ. અમદાવાદ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં આજે રાજ્ય તેમજ રાજ્ય બહારથી આવતા દર્દીઓની સ્વાસ્થ્ય સુવિધાઓમાં વધારો થાય તે માટે ૨૧ ઓપરેશન થીયેટર, અત્યાધુનિક સીએસએસડી, સૂચિત સ્કીન બેંક કાર્યરત કરાવવામાં આવી છે. ૨૦૨૧ના નવા વર્ષમાં આ વિવિધ પ્રકલ્પો જનસુખાકારીમાં વધારો કરીને અમદાવાદ સિવિલ હોસ્પિટલની સ્વાસ્થય સુવિધાઓની કાર્યદક્ષતા વધુ અસરકારક બનાવશે.

સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરથી લઇ સમગ્ર હોસ્પિટલમાં તબક્કા પ્રમાણે સ્વાસ્થય જરૂરિયાત, મશીનરી, અત્યાધુનિક ઉપકરણોની જરૂરિયાત સંતોષીને તમામ સુવિધાઓથી સુસજ્જ કરવામાં આવી રહી છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં રાજ્ય જ નહીં પરંતુ રાજ્ય બહારથી આવતા દર્દીઓને પણ સામાન્યથી લઇ અતિગંભીર બિમારી, સર્વસામાન્ય થી લઇ અતિજટિલ સર્જરી વિનામૂલ્યે કરીને, કોરોનાકાળમાં ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં અસંખ્ય દર્દીઓની અત્યંત મોંઘા ઇન્જેક્શનથી લઇ તમામ પ્રકારની ગંભીર અને લાંબી સારવાર વિનામૂલ્યે ઉપલ્બધ કરાવીને રાજ્ય સરકારે ખરા અર્થમાં સંવેદનશીલ સરકારની પરિકલ્પના સાકાર કરી છે.

હવે તો પીધ્ધડ પણ શાણા થઇ ગયા લાગે છે....!!

થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરે અરવલ્લી જીલ્લાના પોલીસ સ્ટેશનોમાં ફક્ત ૮ રાજાપાટમાં ઝડપાયા

અરવલ્લી બ્યુરો મોડાસા

આજના યુવા વર્ગમાં ૩૧ ડિસેમ્બર અને નવા વર્ષની ઉજવણી કરવાનો ભારે જોમ હોવાની સાથે વિદેશી દારૂની મહેફિલો માણતા હોવાની સાથે રાજ્યમાં દારૂબંધી હોવાથી યુવાનો અને લોકો રાજસ્થાનની વાટ પકડી રાજસ્થાનમાં વિદેશી દારૂની છોળો વચ્ચે ૩૧ ડિસેમ્બરની ઉજવણી કરી રાત્રે અથવા વહેલી સવારે પરત ફરતા હોય છે અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી અગાઉ મોટી સંખ્યામાં પીધ્ધડો થર્ટી ફર્સ્ટની રાત્રે કે પછી બીજા દિવસે પકડાયા હોવાની ઘટનાઓ બનતી હતી પરંતુ છેલ્લા બે વર્ષથી પીધ્ધડ પણ હોશિયાર થઇ ગયા હોય તેમ પોલીસ કાર્યવાહી થી બચવા ૩૧ ડિસેમ્બર પછી રાજસ્થાનમાં જ રોકાવાનું પસંદ

કરતા હોવાથી ગત સાલ એક પણ પીધેલો ઝડપાયો ન હતો ત્યારે આ ૩૧ ડિસેમ્બરે અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી,શહેરી અને ગ્રામ્ય વિસ્તારો માંથી ફક્ત ૮ જ પીઅક્કડ પોલીસને હાથ લાગતા ભારે આશ્ચર્ય સર્જાયું છે

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતના ના માર્ગદર્શન હેઠળ ૩૧ ડિસેમ્બરે કોઈ પણ પ્રકારનો અનિચ્છનીય બનાવ ન થાય તે માટે અને આંતરરાજ્ય સરહદો પરથી પોલીસ ચેકપોસ્ટ હટાવી લેતા બુટલેગરો વિદેશી દારૂ ઠાલવે નહિ તે માટે પોલીસ પેટ્રોલિંગ અને નાકાબંધી કરવાની સાથે વિવિધ તપાસ એજન્સીઓ કાર્યરત કરી વાહનચાલકોનું સઘન ચેકીંગ હાથધર્યું હતું ૩૧ ફર્સ્ટ ડિસેમ્બરની રાત્રીએ અને બીજા દિવસે અરવલ્લી જીલ્લામાંથી શામળાજી પોલીસ સ્ટેશન હદમાંથી ૫ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ૨ અને ટાઉન પોલીસ સ્ટેશનમાંથી ૧ વ્યક્તિ દારૂ પીધેલી હાલતમાં મળી આવ્યો હતો જીલ્લાના અન્ય પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક પણ પીધેલો હાથ ન લાગતા લોકોમાં ભારે આશ્ચર્ય સર્જાયું છે છેલ્લા બે વર્ષથી ૩૧ ડિસેમ્બરે દારૂના રસિયાઓ હવે ઘરે જ નાના સમૂહમાં દારૂ પાર્ટી યોજી શરાબની લિજ્જત માણતા હોવાથી પોલીસ પકડથી દૂર રહેતા હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે

શામળાજી પોલીસ સ્ટેશન વિસ્તારમાં રતનપુર ચેકપોસ્ટ પરથી મોટી સંખ્યામાં લોકો રાજસ્થાનમાં દારૂની પાર્ટી કરવા પહોંચતા હોય છે ૩૧ ફર્સ્ટ પણ મોટી સંખ્યામાં લોકો બાઈક,કાર સહીત વિવિધ વાહનો મારફતે થર્ટી ફર્સ્ટની ઉજવણી કરવા દારૂના શોખીનોએ રાજસ્થાનની વાટ પકડી હતી અને કેટલાક લોકો દારૂની છોળો વચ્ચે નવા વર્ષની ઉજવણી કરી રાજાપાટ માં ઘરે જતા હવાલતની મજા માણવાના બદલે હવે પીધ્ધડ રાજસ્થાનમાં જ હોટલમાં રોકાવાનું પસંદ કરતા હોવાથી પોલીસ પકડથી દૂર રહેતા હોવાની માહીતી પોલીસ સૂત્રો પાસેથી મળી હતી

૨ સિસ્ટમ સક્રિય થતા રાજ્યના વાતાવરણમાં પલટોઃ માવઠાંની શક્યતા

ગાંધીનગર,તા.૨

ગુજરાતમાં સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમની અસરનો માર સહન કરવા માટે ફરી એકવાર તૈયાર રહેવું પડશે. એક સાથે ૨ સિસ્ટમ સક્રિય થતા વાતાવરણમાં પલટો આવી ગયો છે, જેના કારણે આજે અને કાલે અનેક જિલ્લામાં માવઠાંની શક્યતા દર્શાવવામાં આવી છે. હવામાન વિભાગનું માનીએ તો અમદાવાદ, પંચમહાલ, દાહોદમાં માવઠાંની શક્યતા છે, આ સિવાય મહિસાગર અને અરવલ્લીમાં પણ માવઠું પડી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, રથી ૪ જાન્યુઆરીએ બીજું એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થઇ શકે છે. જે આ ટ્રફને વધુ મજબૂત બનાવતાં રાજ્યના અનેક જિલ્લામાં હળવો વરસાદ પડી શકે છે.

૨ જાન્યુઆરીના રોજ સાબરકાંઠા, પંચમહાલ, નર્મદા, મહીસાગર, અરવલ્લી, દાહોદમાં કમોસમી વરસાદ વરસી શકે છે. જ્યારે ૩ જાન્યુઆરીના રોજ પંચમહાલ, વડોદરા, આણંદ, અરવલ્લી, મહીસાગર, દાહોદમાં હળવો વરસાદ પડે તેની સંભાવના છે. તમને જણાવી દઈએ કે શુક્રવારની સાંજથી જ ધુમ્મસના કારણે વિઝિબિલિટી ઘટી છે. તાપમાનમાં વધારો થતા ઠંડીમાં આંશિક રાહત મળી છે. પરંતુ સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ મોટી ઉથલપાથલ કરી શકે છે.

અમદાવાદમાં કોરોનાના નવા સ્ટ્રેનની એન્ટ્રીઃ એસવીપીમાં દાખલ થયા ૪ પોઝિટિવ દર્દી

રાજકોટ,તા.૨

ગુજરાતમાં કોરોનાના નવા સ્ટ્રેનની એન્ટ્રી થઈ ગઈ છે. યુકેની ગુજરાતમાં આવેલી છેલ્લી ફ્લાઈટમાં અનેક મુસાફરો આવ્યા હતા. જેમના દ્વારા ગુજરાતમાં કોરોનાના નવા સ્ટ્રેનની એન્ટ્રી થઈ છે. ત્યારે હવે ૪ દર્દીઓ સાથે અમદાવાદમાં કોરોના યુકે સ્ટ્રેનની એન્ટ્રી થઈ છે. યુકેથી આવેલા મુસાફરના રિપોર્ટમાં નવો સ્ટ્રેન જોવા મળ્યો છે. પૂણે ખાતે બ્રિટનથી આવેલા મુસાફરના સેમ્પલ પૂણેની લેબમાં મોકલવામાં આવ્યા હતા. યુકેથી અમદાવાદ આવેલી છેલ્લી ફ્લાઈટમાં આવેલા ૪ મુસાફરો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તમામ ૪ દર્દીઓને અલગથી એસવીપી હોસ્પિટલમાં સારવાર અપાઈ રહી છે. યુકેથી આવેલી ફ્લાઈટના મુસાફરોમાંથી ચારને નવા સ્ટ્રેનની અસર જોવા મળી છે. યૂકે અને યૂરોપથી ગુજરાત આવેલા મુસાફરોમાંથી ૧૧નો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. જેમના રિપોર્ટને આગળ ચકાસણી માટે પૂણે અને ગાંધીનગરની લેબમાં મોકલાયા હતા, જેમાંથી ચાર લોકોને નવા સ્ટ્રેનના કારણે કોરોના થયો હોવાની પુષ્ટિ થઈ છે. આ અંગે આરોગ્ય સચિવ જયંતિ રવિએ જણાવ્યું કે, યુકેમાંથી જે નવી સ્ટ્રેન છે, તેની ચકાસણી માટે જે અમદાવાદમાં આવ્યા હતા તમામનું સ્ક્રીનિંગ કરાયું હતું. એનઆઈવી પૂણેમાં આ સેમ્પલ મોકલ્યા હતા. ૪ મુસાફરો, જે યુકેથી આવ્યા હતા તેમનામાં UK સ્ટ્રેન મળ્યા છે. તમામને એસવીપી કોવિડ હોસ્પિટલમાં તમામ તકેદારી સાથે રાખ્યા છે. ૧૫ સેમ્પલ હજુ પેન્ડિંગ છે, જે એનઆઈવી પુણેથી આવવાના બાકી છે. ૫ થી ૬ દિવસ ટેસ્ટિંગમાં લાગતા હોય છે. આ મુસાફરોની સાથે જે લોકો આવ્યા હતા, આ મુસાફરોની ૩ રો આગળ અને પાછળના તમામ લોકો આઈસોલેશનમાં છે, આપણી ટીમ તપાસ કરી રહી છે.

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા ૪ જાન્યુઆરીના રોજ ગુજરાતના પ્રવાસે

અમદાવાદ,તા.૨

ગુજરાતમાં યોજાનાર આરએસએસ ની યોજાનાર બેઠકમાં ભાગ લેવા માટે ભાજપ દ્વારા રાષ્ટ્રીય અધ્યક્ષ ૪ જાન્યુઆરીએ ગુજરાત આવશે એવા અહેવાલ મળ્યા છે. આગામી ૪ જાન્યુઆરીના રોજ ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા તથા રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બી.એલ.સંતોષ ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. ત્યારે પ્રદેશ ભાજપ દ્વારા રાષ્ટ્રીય અધ્યક્ષનું સ્વાગત કરાવામાં આવશે. ૪ જાન્યુઆરીના રોજ ભાજપા પ્રદેશ કાર્યાલય 'કમલમ', ખાતે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા તથા રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બી.એલ. સંતોષની આગેવાનીમાં અને ભાજપા પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ, મુખ્યપ્રધાન વિજય રૂપાણી, નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલની ઉપસ્થિતિમાં ભાજપાની પ્રદેશ બેઠક યોજાશે.

ભાજપ અને કોંગ્રેસને જાકારો અપાવવા AIMIM ગઠબંધન જરૂરીઃ છોટુ વસાવા

ભરૂચ,તા.૨

સ્થાનિક સ્વારાજની ચૂંટણીના દિવસો નજીક આવે તેમ તેમ ભરૂચ જિલ્લાના રાજકારણમાં ભર શિયાળામાં ગરમાવો આવી રહ્યો છે. રાજસ્થાનની ચૂંટણીમાં બદલાયેલા સમીરકણોની અસરને કારણે હવે ભરૂચ-નર્મદાની જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની બેઠકો પર અસરો વર્તાઈ રહી છે. ભરૂચ-નર્મદા જિલ્લામાં બીટીપીએ કોંગ્રેસ સાથે છેડો ફાડ્યા બાદ હવે બીટીપી અસુદ્દિન ઓવૈસીની પાર્ટી એઆઈએમઆઈએમ સાથે ગંઠબંધનથી ચૂંટણી લડશે. ત્યારે ભરૂચ અને વાલિયામાં આજે બીટીપી અને એઆઈએમઆઈએમના સાંસદ સાથે બેઠકનું આયોજન થયું હતું. જેમાં ભાજપ અને કોંગ્રેસને જાકારો અપાવવા એઆઈએમઆઈએમ ગઠબંધન જરૂરી હોવાનું બીટીપીના ધારાસભ્ય છોટુ વસાવાએ જણાવ્યું હતું. સ્થાનિક સ્વરાજ ની ચૂંટણીમાં છોટુ વસાવા તથા ઓવૈસી ગઠબંધન કરી ચૂંટણીઓ લડશે.

એઆઈએમઆઈએમના સાંસદ અને માજી ધારાસભ્ય બીટીપીના ઝઘડિયાના ધારાસભ્ય છોટુ વસાવા અને ડેડિયાપાડા તાલુકાના ધારાસભ્ય મહેશ વસાવા સાથે બેઠક યોજાઈ હતી. આઈએમઆઈએમના મહારાષ્ટ્રના સાંસદ બીટીપીના આગેવાનો સાથે મનોમંથન કરી આગામી ચૂંટણીની રણનિતી નક્કી કરશે. લઘુમતીના મતોને આકર્ષવા કે એક પક્ષને મજબૂત બનાવવા માટે બીટીપી અને એઆઈએમઆઈએમ ગઠબંધન બનાવ્યું છે. એઆઈએમઆઈએમના સાંસદ ઈમ્તિયાઝ ઝલીલે જણાવ્યું હતું કે, બીટીપી અને એઆઈએમઆઈએમ સાથે રહી ગુજરાતના દવાયેલા લોકોનો અવાજ બનશે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે રાજકારણમાં નવો જ વળાંક આવ્યો છે.

રાજસ્થાનની ડુંગરપુર જિલ્લા પંચાયતમાં ભાજપ અને કોંગ્રેસે મળી બીટીપીને સત્તાથી દૂર રાખતા બીટીપી નારાજ થયું છે અને ભરૂચ તેમજ નર્મદા જિલ્લા પંચાયતમાં કોંગ્રેસ સાથે છેડો ફાડ્યો છે તો હવે હૈદરાબાદની અસુદ્દીન ઓવૈસી ફેમ એઆઈએમઆઈએમ સાથે ગઠબંધન સ્થાનિક સ્વરાજ્યની ચૂંચણી લડવા તૈયારી ચાલી રહી છે. જેના ભાગરૂપે ઝઘડિયાના ધારાસભ્ય છોટુ વસાવાના માલજીપૂરા સ્થિત નિવાસ સ્થાને બન્ને સંગઠનના આગેવાનો વચ્ચે બેઠક યોજાઈ હતી. આ પૂર્વે ભરૂચની ઝાડેશ્વર ચોકડી ખાતે એઆઈએમઆઈએમના મહારાષ્ટ્રના સાંસદ ઈમ્તિયાઝ ઝલીલે અને માજી ધારાસભ્ય વારીશ પઠાણનું બીટીપી તેમજ સ્થાનિક આગેવાનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

વિચાર વિમર્શ

આ જગત પરમાત્મા ની કુતિ છે,તેમાં જડ રૂપો છે અને ચેતન રૂપો પણ છે.પણ તેથી આ જગત ના બે રૂપો છે તેમ ના કહી શકાય , જગત તો એક જ છે. માત્ર તેના રૂપો બે છે.બે રૂપો હોવા છતાં તે મૂળ તત્વ ના બે સ્વરૂપો છે. મૂળ તત્વ તો એકજ છે આ જગત માં ક્યાક તે જડ રૂપે હોય છે કે ક્યાય તે ચેતન રૂપે હોય છે જડ રૂપ માં તો ચેતન તો હોય છે પણ તે બહુ અલ્પ પ્રમાણ માં અને તે નિસક્રિય હોય છે તેથી તે આપણને જડ લાગે છે .જડ ને પણ આયુ હોય છે તેને પણ ઘસારો પડતાં તે ક્ષીણ થાય છે એકજ પથ્થર પર સતત પાણી પડતાં તેમાં ખાડો પડી જાય છે તે ઘસાય છે.જે ચેતન સ્વરૂપો છે તેમાં સાફ રૂપે યે દેખાય છે તે હલનચલણ ના રૂપ માં તેના માં ચેતન શક્તિ ન અનુભવ થાય છે .મનુષ્ય માં જડ તત્વ રહેલું હોય છે શરીર એ તેનું જડ સ્વરૂપ છે,જ્યારે આતમાં તેનામાં નથી હોતો ત્યારે તે જડ સ્વરૂપ હોય છે અને જ્યારે આત્મા હોય છે ત્યારે તે ચેતન સ્વરૂપ હોય છે અને તે ચેતન સ્વરૂપો દ્વારા તે સર્વ કાર્ય કરે છે.

ગ્રામ્ય પોલિસ અસામાજિક તત્વોના ઘૂંટણિયે...!! ફરિયાદ લેવા પીડીત કગર્યા

કુડોલ ઘાંટામાં યુવક હુમલો કરી પીડિત પરિવારને ફોન કરી કહ્યું, તારા ભાઈને પાડી દીધો છે, લઇ જા

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લામાં ગ્રામ્ય પોલિસની હદમાં કાયદો વ્યવસ્થા જાણે કથળી હોય તેવું લાગી રહ્યું છે. મોડાસા તાલુકાના કુડોલ ઘાંટા પંથકમાં અસામાજિક તત્વો પોલિસને લલકારતા હોય તેવી રીતે જીવલેણ હુમલાની ઘટનાને અંજામ આપી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. અસામાજિક તત્વોના ટોળાએ પાંચ જેટલા લોકો પર જીવલેણ હુમલો કર્યો છે, જેમાં એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે, એટલું જ નહીં એક જ પરિવારના ત્રણ લોકો અસામાજિક તત્વોનો ભોગ બન્યા છે, પણ પોલીસે કલાકો સુધી ફરિયાદ લેવામાં જાણે કેમ રસ ન દાખવ્યો તે એક સવાલ ઊઠ્યો હતો આખરે પીડીત પરિવાર અસામાજીક તત્ત્વો સામે ફરિયાદ કરવા કટિબદ્ધ હોવાથી ૧૬ હુમલાખોરો સામે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી પીડિત પરિવારના જણાવ્યા મુજબ મયુરકુમાર મુળજીભાઈ કટારા જઇ રહ્યા હતા, ત્યારે ગુરૂવારે સાંજે સાત વાગ્યાના અસરામાં અસામાજિક તત્વોના ટોળાએ હુમલો કર્યો હતો,

હુમલાખોરોએ લોખંડ તેમજ કુહાળીથી હુમલો કર્યો હોવાનો પરિવારજનોએ જણાવ્યું હતું, ત્યારબાદ ઈજાગ્રસ્ત વ્યક્તિને રોડ પર ફેંકની હુમલાખોરોએ ફોન કરીને પરિવારજનોને માહિતી આપી. ઈજાગ્રસ્ત હાલતમાં પરિવારજનોએ તાત્કાલિક મોડાસા ખાતે દાખલ કરવા માટેની કવાયત હાથ ધરી, ત્યારબાદ ભોગ બનનારના ભાઈ પર ટોળાએ હુમલો કરી દીધો.. હુમલાખોરોએ ઈજાગ્રસ્ત યુવક પાસેથી રોકડ નાણાં, સોનાની ચેન સહિત બાઈક પર લઈ લીધુ હોવાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો છે. આ સમગ્ર ઘટનામાં યુવકની માતાને હાથના ભાગે અને પગના ભાગે માર મારવામાં આવ્યો હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું. ગત અદાવત રાખીને હુમલાખોરોએ આ પ્રકારની ઘટનાને અંજામ આપી પોલિસને પણ ચેલેન્જ આપી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. ઘટનાને પગલે શુક્રવાર બપોરે ૧૨ વાગ્યે પીડિત પરિવારો મોડાસા ગ્રામ્ય પોલિસ મથકે ફરિયાદ કરવા માટે પહોંચી ગયા હતા, જો કે પોલિસની ઢીલી નીતિનો ભોગ આ પરિવારો બન્યા હતા, અને સાંજ ૭ વાગ્યા સુધી ફરિયાદ ન લેવાઈ હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું.

કુડોલ ઘાંટા ગામે થોડાક દિવસો પહેલા હત્યાની એક ઘટના ઘટી હતી, ત્યાંતો ફરી એક જ પરિવારના બે યુવકો તેમજ માતા પર થયેલા હુમલાને લઈને પિતાની આંખોમાં રોષ જોવા મળ્યો હતો. ગ્રામ્ય પોલિસ ગ્રામિણ વિસ્તારના લોકોની લાગણી જરાય સમજતી ન હોય તેવી સ્પષ્ટ લાગ્યું હતું.

કોણ છે હુમલાખોર ૧૬ આરોપીઓ.....વાંચો

૧)રમેશ સળુંડામોર,૨)લક્ષ્મણ સળુંડામોર,૩)મદન શાંતિલાલ તરાળ, ૪)જીજ્ઞેશ શાંતિલાલ તરાળ,૫)શાંતિલાલ કમજી તરાળ,૬)કલ્પીતાબેન રમેશ ડામોર,૭)વાયલાબેન રમેશ ખરાડી,૮)સુભાષ શાંતીલાલ તરાળ ,૯)દીલીપ અરવિંદ ખરાડી,૧૦)નરેશ લક્ષ્મણ ખરાડી,૧૧)જગદીશ ચીમન ખરાડી,૧૨)અનીલ જયંતી ખરાડી,૧૩)કાંતી સળુંખરાડી,૧૪)કીરીટ પુંજા ખરાડી,૧૫) નરેશ ખરાડીનો પુત્ર (તમામ,રહે.કુડોલ ઘાંટા)અને ૧૬)નવનીત રમેશ ગેલાત (રહે,ધરોલા,મેઘરજ)

ઈજાગ્રસ્ત યુવકને ૧૦ ટાંકા અને ફ્રેક્ચર

કુડોલ ઘાંટા પંથકમાં યુવક પર અસામાજિક તત્વોએ જીવલેણ હુમલો કર્યો હતો, જેમાં યુવક ગંભીર હાલતમાં મોડાસાના ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયો છે, જેમાં યુવકને મોંઢાના ભાગે તેમજ પગના ભાગે મળી દસ જેટલા ટાંકા આવ્યા છે જયારે હાથના ભાગે ફ્રેક્ચર થયું છે.

હુમલાખોરોએ ચલાવી લૂંટ !

કુડોલ ઘાંટા પંથકમાં અસામાજિક તત્વો આ પ્રકારની ઘટનાને અજામ આપીને લૂંટ ચલાવી હોવાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો, તેમની પાસે રહેલા રોકડ નાણાં, સોનાની ચેન તેમજ બાઈક લઇ ગયા હોવાનું જણાવ્યું હતું.

ગ્રામ્ય પોલિસની ઢીલી નિતી સામે રોષ

મોડાસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં બનતી ઘટનાઓને પગલે અનેક સવાલો ઉભા થઇ રહ્યા છે, ત્યારે કુડોલ ઘાંટા ગામે બનેલી ઘટનામાં ગુરૂવાર સાંજે બનેલી ઘટના અંગે શુક્રવાર સાંજે પોલિસે આ બાબતે થોડુક ધ્યાન આપ્યું, પીડિત પરિવારો પોલિસને આજીજી કરતા રહ્યા પણ ગ્રામ્ય પોલિસ ફરિયાદ લેવામાં ઢીલી નીતિ અપનાવી હોય તેવો અહેસાસ અનુભવ્યો હતો અને પોલીસની કામગીરી સામે આક્રોશ છવાયો હતો

અરવલ્લી જીલ્લામાં રામ જન્મભૂમિ ક્ષેત્રે નિધિ સમર્પણ અભિયાન સફળ બનાવા મોડાસામાં કાર્યાલય ખુલ્લું મુકાયું

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લા ના મુખ્ય મથક મોડાસા માં શ્રી રામ જન્મભૂમિ મંદિર નિર્માણ હેતુ મકરસંક્રાંતિ થી માઘ પૂર્ણિમા સુધી વ્યાપક નિધિ સમર્પણ અભિયાન ચલાવવાનું છે તે અભિયાનના હેતુસર શ્રી રામ જન્મભૂમિ મંદિર નિર્માણ નિધિ સમર્પણ સમિતિ દ્વારા જિલ્લામાં કાર્યાલયનો શુભારંભ કરવામાં કરવામાં આવ્યો હતો આ પ્રસંગે જય શ્રી રામના નારાથી સમગ્ર પરિસર ગુંજી ઉઠ્યું હતું

હિન્દુ સમાજના ૪૯૨ વર્ષના સંઘર્ષ બાદ શ્રી રામ જન્મભૂમિ અયોધ્યા ખાતે ભગવાન શ્રીરામ નું મંદિર આકાર લઈ રહ્યું છે હિન્દુ ધર્મ ભારતીય સંસ્કૃતિ અને રાષ્ટ્રીય સ્વાભિમાન ના પ્રતીક સમાન આ મંદિર વાસ્તુકલા માં પણ અદ્વિતીય હશે.આ ભવ્ય મંદિરના નિર્માણ હેતુ આગામી મકરસંક્રાંતિ થી માગ પૂર્ણિમા સુધી સમગ્ર દેશના ૨૮ કરોડ કરતા વધુ પરિવારોને જોડાવા ના લક્ષ્ય સાથે એક વ્યાપક નિધિ સમર્પણ અભિયાન ચાલવાનું છે .આ અભિયાન ના સંચાલન હેતુ શ્રી રામ જન્મભૂમિ મંદિર નિર્માણ સમર્પણ સમિતિ અરવલ્લી જિલ્લા કાર્યાલયનો શુભારંભ બિલેશ્વર ધામ વડીયાવિર ના શંતિગીરીજી મહારાજ,અયોધ્યા ધામ શ્રીરામજી મંદિર સુંદરપુરા ના શ્રીશ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર કેશવ દાસજી મહારાજ,શ્રી રામજી મંદિર ધનસુરા. ના શ્રી પૂરણ શરણ દાસજી મહારાજ અને ખાકચોક શામળાજી ના હરિકિશોર દાસજી મહારાજ ના હસ્તે કાર્યાલયનો શુભારંભ કરવામાં આવ્યું.ઉદઘાટન બાદ ધર્મસભામાં સંતોએ માર્ગદર્શન આપ્યું હતું ૪૯૧ વર્ષના સંઘર્ષ ના પરિપાક રૂપે ૭૬ યુદ્ધો માં વીરગતિ પામનાર શ્રદ્ધેય બલિદાનીયો, બલિદાની કારસેવકો ને યાદ કરવામાં આવ્યા હતા.

અભિયાન સમિતિના સંયોજક સંજયભાઈ વ્યાસે અરવલ્લી જિલ્લા માં ઘર ઘરનો સંપર્ક કરી રામ જન્મભૂમિ પર રામ લલ્લાનું ભવ્ય મંદિર બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો આ અભિયાનમાં તન મન ધનથી આ અભિયાનમાં જોડાવા માટે અપીલ કરી હતી.શ્રી રામ જન્મભૂમિ નિધિ સંગ્રહમાં અયોધ્યા ધામ ,સુંદરપુરા ના શ્રી શ્રી ૧૦૦૮ મહા મંડલેસ્વર કેશવ દાસજી મહારાજ દ્વારા ૧,૦૧,૦૦૧ રૂપિયા નિધિ સમર્પણ સ્વરૂપે અર્પણ કર્યા હતા .કાર્યાલયના શુભારંભમાં ઉદઘાટન માં સમગ્ર હિન્દુ સમાજના લોકો તેમજ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા

કમોસમી વરસાદની આગાહીથી ખેડૂતો ચિંતીત

સાયક્લોનિક સર્ક્યુલેશનની બે સિસ્ટમ સક્રિય થતા ઉત્તર ગુજરાતના વાતાવરણમાં પલટો

અરવલ્લી બ્યુરો મોડાસા

વર્ષ ૨૦૨૧ના પ્રારંભે જ ગુજરાતને માવઠાનો સામનો કરવો પડી શકે છ ૧ જાન્યુઆરીથી ઉત્તર અરેબિયન સમુદ્રમાં મધ્ય કક્ષાએ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સનો ટ્રફ રચાવવાનું શરૂ થઇ ગયું છે. રજી જાન્યુઆરીએ બીજું એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થશે. જે આ ટ્રફને વધુ મજબૂત બનાવતાં રાજયના અનેક જિલ્લામાં હળવો વરસાદ પડી શકે છે.હવામાન વિભાગે ઉત્તર ગુજરાતમાં માવઠું થવાની આગાહી કરતા સંભાવનાને પગલે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. બીજી તરફ ઉત્તર ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસની સરખામણીએ ઠંડીમાં સાધારણ ઘટાડો થયો છે.એક સાથે સાયક્લોનિક સર્ક્યુલેશનની બે સિસ્ટમ સક્રીય થતા ઉત્તર ગુજરાતના વાતાવરણમાં ભારે પલટો આવ્યો છે આકાશે વાદળો ગોરંભાતાં ખેડૂતો ચિંતીત બન્યા છે હવામાન વિભાગે પણ હળવો વરસાદ પડે તેની સંભાવના વ્યક્ત કરી છે ત્યારે હળવા વરસાદની સંભાવનાને પગલે ખેડૂતોમાં ચિંતાના વાદળો ઘેરાયા છે.વરસાદની સંભાવનાને પગલે ઉત્તર ગુજરાતના માર્કેટયાર્ડમાં ખેડૂતોને કોઈપણ પ્રકારનું નુકસાન ન થાય તે માટે તકેદારી રાખવા જાણકારી આપવામાં આવી છે. ગત વર્ષે કમોસમી વરસાદને લીધે ઉત્તર ગુજરાતના ખેડૂતોને ભારે નુકસાનીનો સામનો કરવો પડયો હતો.

અરવલ્લી જિલ્લા ખેતીવાડી અધિકારી જે.આર.પટેલના જણાવ્યા મુજબ આ કમોસમી વરસાદની સંભાવનાઓને લઈ ખેડૂતો એ જે કપાસ કાઢેલ હોય અને દિવેલાની માળ દેવાની હોય તે વણી લેવા સુરક્ષિથ જગાએ રાખવા અને ખેતર, ગોડાઉન કે ઘર - પરસાળમાં ખુલ્લામાં પડેલ ખેતપેદાશોને સલામત સ્થળે ખસેડી લેવી.

પુરવઠા વિભાગની યાદીમાં જણાવ્યા મુજબ ટેકાના ભાવે મગફળી ખરીદ કેન્દ્રો તેમજ યાર્ડોમાં ખુલ્લામાં પડેલ જણસો તાત્કાલિક ધોરણે સલામત સ્થળે ખસેડી લેવી અને આ વરસાદ સાથે વાવાઝોડાની પણ આગાહી કરાયેલ હોય મોબાઈલ ફોન, ટોર્ચ હાથ વગા રાખવા અને આગામી ૩ દિવસ દરમ્યાન ખેડૂતો, પ્રજાજનો અને વેપારીઓએ જરૂરી કાળજી રાખવી એમ જણાવાયું છે.

મેઘરજ પોલીસે બે પીકઅપ ડાલામાંથી ૧૨ ભેંસને કતલખાને ધકેલાતી બચાવી

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લાની આંતરરાજય સરહદો પરથી ઉત્તર ભારતના રાજયોમાંથી વિદેશી દારૂ ઠાલવવામાં આવી રહ્યો છે હવે કસાઈઓ પણ આ માર્ગે વિવિધ નાના-મોટા વાહનો મારફતે પશુઓને કતલખાને ઘુસાડી રહ્યા છે મેઘરજ પોલીસે ૩૧ ડીસેમ્બર અંતર્ગત રાજસ્થાન તરફથી વાહનોનું હાઈવે અને અંતરિયાળ માર્ગો પર સઘન ચેકીગ હાથધરતાં પંચાલ રોડ પરથી શંકાસ્પદ ઝડપે પસાર થતા બે પીકઅપ ડાલાને અટકાવી તલાસી લેતા ૧૨ ભેંસ મુશ્કેટાટ હાલતમાં બાંધેલી હાલતમાં મળી આવતા પોલીસે રાણાસૈયદના ૩ અને ચાંદટેકરીના ૧ કસાઈને ૯.૬૪ લાખ મુદ્દામાલ સાથે ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

મેઘરજ પીએસઆઇ એન.એમ.સોલંકી અને તેમની ટીમે મેઘરજ નજીક રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીગ અને પેટ્રોલિંગ હાથધર્યું હતું ત્યારે રાજસ્થાન તરફથી આવી રહેલા બે મહિન્દ્રા પીકઅપ ડાલા (ગાડી.નં- ન્ન ૩૧ ૨૩૬૩ અને ૧૭૭૭) ને અટકાવી તલાસી લેતા બંને પીકઅપ ડાલામાંથી મુશ્કેટાટ હાલતમાં બાંધેલ અને ઘાસચારા કે પાણીની સગવડ વગર કણસતી ૧૨ ભેંસ કતલખાને ધકેલાતા બચાવી લઈ પાંજરાપોળ ખાતે મોકલી આપી ૧)હુસેન હસન મુલતાની ,૨)શાહીલ સેરખા મુલતાની ,૩)સાકિત બફાતી મુલતાની (ત્રણે રહે,રાણાસૈયદ) અને ચાંદટેકરીના ૪)સોકત કાદર મુલતાનીને ઝડપી પાડી ભેંસ-૧૨,મોબાઈલ, રોકડ રકમ અને પીકઅપ ડાલા-૨ મળી કુલ રૂ.૯૬૪૮૬૦/- નો મુદ્દામાલ જપ્ત કરી ચારેય કસાઈઓ વિરુદ્ધ પ્રાણી અત્યાચાર નિવારણ કલમ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

સદભાવના વૃધ્ધાશ્રમ દ્વારા શહીદ સ્વ.રઘુભાઈ બાવળીયાના પરીવારને ૧૦ લાખ રૂપીયાની આર્થિક સહાય અર્પણ કરાઈ

ગુજરાતના શહીદ પરીવારોને ભવિષ્યમાં પણ આ જ રીતે નત મસ્તકે સંસ્થા ઉપયોગી થશે.

હાલમાં જ ચોરવીરાજી ગામના રઘુભાઈ બાવળીયા તા. ૨૦, ઓકટોબરે શહીદ થયા. સદભાવના વૃધ્ધાશ્રમના પ્રતિનિધિઓ ચોરવિરાજી ગામ જઈને રૂબરૂ શ્રધ્ધાંજલિ અર્પણ કરી આવ્યા. વીર શહીદ રઘુભાઈ બાવળિયા લેહ થી ૩૫૦ કિમી દૂર બોર્ડર પર ડયુટી કરતા હતા ત્યારે માતુભૂમી કાજ વીર મૃત્યુ પામ્યા. ત્યાંથી તેમના ઘરનો રસ્તો ત્રણ દિવસનો એટલે ૨૩ ઓકટોબરે તેમનો અગ્નિસંસ્કાર થયો. જેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે એવી વિકટ શહિદી રઘુભાઈ બાવળીયાએ વ્હોરી છે. માત્ર ૨૧ વર્ષ ની વયે રઘુભાઈ સેનામાં દાખલ થયા હતા અને દેશના જાંબાઝ કમાન્ડો પણ બન્યા અને દેશ માટે માત્ર ૨૧ વર્ષની ઉંમરે શહીદી પણ વ્હોરી લીધી.



રઘુભાઈ ખેતમજુર પરીવારનું સંતાન, અને દેશપ્રેમ અને દેશદાઝથી ઠાસોઠાસ ભરેલા હતા. સદભાવના વૃધ્ધાશ્રમની ટીમ જયારે શહીદના ઘરે રૂબરૂ ગઈ ત્યારે, આંખમાં આંસુ છલકાઈ જાય તેવી પરિસ્થિતિ શહીદના પરીવારને જોઈ. ચાર વર્ષ પહેલા ગામમાંથી વ્યાજે પૈસા લઈને ઘર બનાવ્યું અને એ આશરો ઉભો કર્યો હતો. કલર અને ફર્નીચર તો દૂરની વાત, પણ ઘરમાં હજુ પ્લાસ્ટર પણ બાકી છે. એટલા બધા નાણાં ખેત મજૂરને કોણ વ્યાજે આપે ? હા, રઘુભાઈ એ ઘાતક કમાન્ડોની ટ્રેનીંગ પતાવીને આવ્યા ત્યારે માં–બાપ ને ખાતરી આપી કે તમારે હવે લાંબો સમય વ્યાજ નહિ ભરવું પડે અને મજૂરીએ પણ નહી જવું પડે અને દેવું પણ નહીં રહે.

સદભાવના વૃધ્ધાશ્રમ દ્વારા શહીદ રઘુભાઈના પરીવારને ૧૦ લાખ રૂપીયાની આર્થિક સહાય અર્પણ કરાઈ હતી જે રકમ શહીદ રઘુભાઈના વૃધ્ધ માતા–પિતાના નામની ફીકસ ડીપોઝીટ કરાઈ હતી. વિશેષ માહિતી માટે વિજય ડોબરીયા (મો.૮૦૦૦૨ ૮૮૮૮૮),મનોજ કલ્યાણી (મો.૯૯૯૮૨૦૦૭૦), ધીરૂભાઈ કાનાબાર (મો. ૯૮૨૫૦૭૭૩૦૬)નો સંપર્ક કરવા સદભાવના વૃધ્ધાશ્રમની યાદીમાં જણાવાયું છે.

કલેકટરશ્રીની પ્રેરણાથી બનાસકાંઠા મહેસૂલ પરિવાર દ્વારા ૩૫૦ ગરીબ લોકોને ધાબળાનું વિતરણ કરાયું

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

અત્યારે શિયાળાની મોસમ જામી છે. ગાત્રો થીજવતી કડકડતી ઠંડી પડી રહી છે. તેવા સમયમાં ફૂટપાથ પર રહેતા ગરીબ લોકોને ઠંડીમાં આંશિક રાહત મળે તે માટે બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી આનંદ પટેલની પ્રેરણા અને માર્ગદર્શનથી ઈસુના નૂતન વર્ષ-૨૦૨૧ની રાત્રિએ પાલનપુર શહેરમાં રહેતાં ૩૫૦ જેટલાં ગરીબ લોકોને મહેસૂલ પરિવાર દ્વારા ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. શ્રી ડી. વાય. સી ચેરીટેબલ ટ્રસ્ટ અને જીવદયા ગ્રુપ, પાલનપુર દ્વારા અપાયેલ ધાબળાનું વિતરણ નિવાસી અધિક કલેકટરશ્રી એ. ટી. પટેલ, પાલનપુર પ્રાંત અધિકારી શ્રી એસ. ડી. ગિલવા, મહેસૂલ મંડળના પ્રમુખશ્રી અને મંત્રીશ્રી તથા ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓના હસ્તે ગરીબોને

ધાબળા આપવામાં આવ્યા હતાં. પાલનપુર શહેરના કિર્તીસ્તંભ, ચાણક્યપુરી, બિહારીબાગ, એગોલા રોડ, તિરૂપતિ ડીસા હાઈવે, એરોમા સર્કલ, બ્રહ્માણી હોટલ, આકેસણ ફાટક, દિલ્હી ગેટ, મહાજન હોસ્પીટલ, ઢાળવાસની પાછળ, જી. ડી. મોદી કોલેજ રોડ, રેલ્વે પુલના છેડે, રામલીલા મેદાન, ગઠામણ ગેટ, જુનું બસ સ્ટેશન અને હરીપુરા વિસ્તારમાં રહેતા ગરીબોને ધાબળા અપાયા હતાં. આ પ્રસંગે પાલનપુર પ્રાંત અધિકારીશ્રી એસ.ડી.ગિલવાએ જણાવ્યું કે, કલેકટરશ્રીની પ્રેરણા અને માર્ગદર્શન તથા જીવદયા ગ્રુપના યુવાનોના સાથ અને સહકારથી ૨૦૨૧ના નવા વર્ષની શરૂઆતમાં ગરીબ અને જરૂરીયાતમંદ લોકોને ઠંડીમાં રક્ષણ મળે તે માટે ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે, આ યુવાનોને કલેકટરશ્રીએ અભિનંદન પાઠવતાં જણાવ્યું છે કે, આપણી યુવાની લોકોની મુશ્કેલીઓ શોધી તેનો ઉકેલ લાવવામાં વપરાય તો સમાજ અને રાષ્ટ્ર ને ચોક્કસ ફાયદો થશે.

માણાવદરમાં બીઆરસી ભવનમાં યોગ શિબિર નો પ્રારંભ કરવામાં આવ્યો

માણાવદર સરકારી હોસ્પિટલ સામે આવેલ બીઆરસી ભવન ખાતે યોગ ટ્રેનીગ નો પ્રારંભ કરાયો હતો ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા ટ્રેનર તૈયાર કરવા માટે બોર્ડ તરફથી નિમાયેલા કોચ દ્વારા એક મહિનાની તાલીમ અપાશે.

માણાવદર માં આજથી યોગ ટ્રેનીગ નો પ્રારંભ કરાયો હતો આ પ્રસંગે પોરબંદર ના યોગ કોચ જીવાભાઈ ખુંટી, માણાવદર ના બી.આર.સી.ના હરેશભાઈ બોરખતરીયા, ડો. સુરેજા, સુમિત ગોંડલીયા અને યોગ તાલીમમાં સહભાગી થનાર તાલીમાર્થીઓ ઉપસ્થિત રહયા હતા માણાવદર ના યોગ કોચ ધૃતિબેન હેદપરા અને નિશાબેન ટીબા એ જણાવ્યું હતુ કે એક મહિના ની તાલીમ આપવામાં આવશે જે પૂર્ણ કર્યા બાદ સર્ટિફિકેટ અપાશે જો સર્ટિફિકેટ મેળવનાર યોગ શિબિર કરશે તો સરકાર માનદ વેતન પણ આપશે આ શિબિર માં ૫૦ લોકોને તાલીમ આપવામાં આવી રહી છે.

જે ભાઈઓ - બાહેનો યોગ ટીચર બનવા માંગતા હોય તેવા ૧૮ થી ૯૦ વર્ષ વચ્ચે ના દરેક ભાઈઓ - બહેનો આ ટ્રેનીગ માં જોડાય શકે છે મો નં. ૬૩૫૫૪૩૭૧૪૧ આ ટ્રેનીગ સરકાર તરફ થી નિઃશુલ્ક આપવા માં આવશે

તસ્વીર - અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.